RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 053
Dt.: 03-11-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ISRO એ રચ્યો વધુ એક કિર્તીમાન

# ૪૪૦૦ કિલો વજનનો બાહુબલી સેટેલાઈટ CMS-03 લોન્ચ કરાયો

## આ ઉપગ્રહ નૌકાદળની અવકાશ-આધારિત સંચાર અને દરિયાઈ ક્ષેત્ર જાગૃતિ ક્ષમતાઓને મજબૂત બનાવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) એ ભારતીય નૌકાદળ માટે CMS-03 (GSAT-7R) કોમ્યુનિકેશન સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે. આ સેટેલાઈટ નૌકાદળનો અત્યાર સુધીનો સૌથી અદ્યતન ઉપગ્રહ છે. તે નૌકાદળની અવકાશ-આધારિત સંચાર અને દરિયાઈ ક્ષેત્ર જાગૃતિ ક્ષમતાઓને મજબૂત બનાવશે. GSAT-7R એક કોમ્યુનિકેશન સેટેલાઈટ છે, એટલે કે તે સંદેશાવ્યવહારના માધ્યમ તરીકે કામ કરશે. તે સંપૂર્ણપણે ભારતમાં ડિઝાઈન અને બનાવવામાં આવ્યો હતો. આ સેટેલાઈટ નૌકાદળના જહાજો, વિમાનો, સબમરીન અને દરિયાઈ કામગીરી કેન્દ્રો વચ્ચે ઝડપી અને સુરક્ષિત કોમ્યુનિકેશન પ્રદાન કરશે.

સૌથી નોંધપાત્ર વાત એ છે કે, આ ભારતનો અત્યાર સુધીનો સૌથી ભારે કોમ્યુનિકેશન સેટેલાઈટ છે. તેનું વજન આશરે ૪૪૦૦ કિલોગ્રામ છે. તેમાં નૌકાદળની જરૂરિયાતો માટે ખાસ રચાયેલ ઘણા સ્વદેશી રીતે વિકસિત ઘટકો છે. આ આત્મનિર્ભર ભારતનું એક ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં આપણે આપણી પોતાની ટેકનોલોજીને મજબૂત બનાવી રહ્યા છીએ. આ સેટેલાઈટ ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૨૬ વાગ્યે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટર (SDSC-SHAR)ના બીજા લોન્ચ પેડ પરથી લોન્ચ કરવામાં આવશે. આ ISRO સેન્ટર રોકેટ લોન્ચ માટે પ્રખ્યાત છે. ISROના વૈજ્ઞાનિકોએ તેને વિકસાવવા માટે મહિનાઓ સુધી સખત મહેનત કરી છે.

સેટેલાઈટની ટેકનિકલ સુવિધાઓ

વજન અને કદ : ૪૪૦૦ કિલો વજન ધરાવતો, આ સેટેલાઈટ ભારતનો સૌથી ભારે કોમ્યુનિકેશન સેટેલાઈટ છે. અગાઉના ઉપગ્રહો હળવા હતા.

ટ્રાન્સપોન્ડર્સ : આ સેટેલાઈટની અંદરના કોમ્યુનિકેશન ઉપકરણો છે. બહુવિધ બેન્ડ (ફ્રિકવન્સી રેન્જ)માં વૉઈસ, ડેટા અને વિડિઓ લિંક્સને સપોર્ટ કરશે. આનો અર્થ એ છે કે નૌકાદળના કર્મચારીઓ બોર્ડ પર હોય કે હવામાં, સરળતાથી વાતચીત કરી શકશે.

કવરેજ ક્ષેત્રઃ આ હિંદ મહાસાગર ક્ષેત્રમાં મજબૂત ટેલિકોમ્યુનિકેશન કવરેજ પ્રદાન કરશે. આનો અર્થ એ છે કે હિંદ મહાસાગરના મોટા ભાગમાં સિગ્નલ મજબૂત હશે.

ઉચ્ચ-ક્ષમતાવાળી બેન્ડવિડ્થઃ આ સેટેલાઈટ વધુ ડેટા ટ્રાન્સફર કરશે. આ જહાજો, વિમાનો, સબમરીન અને નિયંત્રણ કેન્દ્રો વચ્ચે સુરક્ષિત અને અવિરત જોડાણ બનાવશે.

આ બધું સમુદ્રમાં નૌકાદળની હાજરીને મજબૂત બનાવશે. કોઈપણ ખતરાના કિસ્સામાં, માહિતી તાત્કાલિક પ્રાપ્ત થશે.

આજકાલ દરિયાઈ સુરક્ષા પડકારોમાં નોંધપાત્ર વધારો થયો છે. ચીન અને પાકિસ્તાન જેવા પડોશી દેશોને કારણે હિંદ મહાસાગરમાં તણાવ રહે છે. ત્નજીછ્-૭ઇ નૌકાદળને અવકાશમાંથી દેખરેખ રાખવા અને ઝડપથી જવાબ આપવા માટે સશક્ત બનાવશે. નૌકાદળના વડાએ જણાવ્યું છે કે આ ઉપગ્રહ રાષ્ટ્રના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા તરફ એક મોટું પગલું છે.

# દુનિયાના ૧૦ પ્રદૂષિત શહેરોમાં માત્ર ભારતીય શહેરોના નામઃ ટોપ ૧૦માં દિલ્હી-મુંબઈ નહીં

## ગુરુગ્રામ, દિલ્હી, ગાઝિયાબાદ અને ફરીદાબાદમાં હવાની ગુણવત્તા ઘટી હોવા છતાં અન્ય શહેરોની તુલનાએ ઓછી પ્રદૂષિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી અને નોઈડા સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતા શહેરો છે. પરંતુ આજે આ બંને શહેરોની હવાની ગુણવત્તામાં સુધારો નોંધાતા તે દેશના ટોચના ૧૦ પ્રદૂષિત શહેરોની યાદીમાંથી બહાર થયા છે. આજે નોઈડાનો AQI ૧૯૭, જ્યારે ગ્રેટર નોઈડાનો ૧૬૨ નોંધાયો છે. જેથી તેને મોડરેટ કેટેગરીમાં મુકવામાં આવ્યા છે.

ગુરુગ્રામ, દિલ્હી, ગાઝિયાબાદ અને ફરીદાબાદમાં હવાની ગુણવત્તા ઘટી હોવા છતાં અન્ય શહેરોની તુલનાએ ઓછી પ્રદૂષિત છે. ગુરુગ્રામની હવાની ગુણવત્તા દેશમાં ૨૦મા ક્રમે છે. દિલ્હી ૨૧મા, ગાઝિયાબાદ ૨૪મા, ફરીદાબાદ ૨૫મા અને નોઈડા ૨૭મા ક્રમે છે.

દેશના સૌથી પ્રદૂષિત શહેરોની વાત કરીએ તો, તેમાંથી મોટાભાગના શહેરો હરિયાણામાં છે. બે ઉત્તર પ્રદેશમાં છે અને એક રાજસ્થાનમાં છે. હરિયાણાનું ફતેહાબાદ આજે સૌથી પ્રદૂષિત શહેર છે. બલ્લભગઢ બીજા ક્રમે છે, ત્યારબાદ સોનીપત ત્રીજા ક્રમે છે, મુઝફ્ફરનગર ચોથા ક્રમે છે, પંચકુલા પાંચમા ક્રમે છે, રાજસ્થાનનું હનુમાનગઢ છઠ્ઠા ક્રમે છે, રોહતક સાતમા ક્રમે છે અને પાણીપત આઠમા ક્રમે છે. કરનાલ નવમા ક્રમે છે અને બાગપત દસમા ક્રમે છે.

દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તામાં થોડો સુધારો થવાનું કારણ વરસાદ અને પવનની ગતિમાં વધારો દર્શાવે છે. સ્કાયમેટ વેધરના વાઈસ પ્રેસિડેન્ટ (હવામાન અને આબોહવા પરિવર્તન) મહેશ પલાવતે જણાવ્યું કે, હવાની ગુણવત્તાનો ઈન્ડેક્સ સુધર્યો છે. જેની પાછળનું કારણ હવામાન પરિસ્થિતિઓ અને પવન મહત્વપૂર્ણ પરિબળો હતા. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં જેમ કે ફરીદાબાદ અને નોઈડામાં હળવા વરસાદે પ્રદૂષકો ઘટાડવામાં અને હવાને સાફ કરવામાં મદદ કરી છે. પવનનો પણ આમાં ફાળો હતો. ગઈકાલે શહેરમાં પવનની ગતિ શાંત હતી, પરંતુ આજે તે વધીને લગભગ ૭-૮ કિમી/કલાક થતાં હવાની ગુણવત્તામાં સુધારો નોંધાયો છે. આ નવેમ્બરમાં દેશના મોટાભાગના મેદાની વિસ્તારોમાં દિવસનું તાપમાન સરેરાશથી ઓછું રહેવાની આગાહી છે, જ્યારે રાત્રિનું લઘુત્તમ તાપમાન સામાન્યથી ઉપર રહેવાની ધારણા છે.

ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ ડૉ. એમ. મહાપાત્રાએ શુક્રવારે નવેમ્બર ૨૦૨૫ માટે વરસાદ અને તાપમાન માટે માસિક આઉટલુક અહેવાલમાં આ આગાહી કરી હતી. નવેમ્બરમાં દેશના મોટાભાગના ભાગોમાં વરસાદ સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ રહેવાની ધારણા છે. જ્યારે સરેરાશ કરતાં વધુ વરસાદ પડવાની અને આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. પરિણામે, નવેમ્બરમાં મેદાની વિસ્તારોમાં મહત્તમ દિવસનું તાપમાન સરેરાશ કરતાં ઓછું રહેવાની ધારણા છે, અને રાત્રિનું તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે.

### હવે વાહન ચાલતાં ચાલતાં ચાર્જ થશે

# ફ્રાન્સે શરૂ કર્યો પહેલો વાયરલેસ ચાર્જિંગ હાઈવે

## આ હાઈવે પેરિસની નજીક બનાવવામાં આવ્યો છે અને એના દ્વારા ઈલેક્ટ્રિક વાહનને એક અલગ દિશા અપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ફ્રાન્સ

ફ્રાન્સ દ્વારા હાલમાં જ એક અદ્ભૂત હાઈવેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ હાઈવે વાયરલેસ દ્વારા ઈલેક્ટ્રિક વ્હીકલને ચાર્જ કરશે.

આ એક નવી ટેક્નોલોજી છે જે ફ્રાન્સ દ્વારા પહેલી વાર રજૂ કરવામાં આવી છે. ફ્રાન્સ દ્વારા હાલમાં ૧.૫ કિલોમીટરનો હાઈવે બનાવવામાં આવ્યો છે જે ઈલેક્ટ્રિક વાહનને વાયરલેસ ચાર્જ કરશે. આ માટે ફક્ત વાહનને એના પર ચલાવવાનું રહેશે. આ હાઈવે પેરિસની નજીક બનાવવામાં આવ્યો છે અને એના દ્વારા ઈલેક્ટ્રિક વાહનને એક અલગ દિશા આપવામાં આવી છે.

ડામરના રોડની નીચે કોપર ઈન્ડક્શન કોઈલ રાખવામાં આવી છે. આ કોઈલ મેગ્નેટિક ફિલ્ડ જનરેટ કરે છે અને એના દ્વારા ઈલેક્ટ્રિક વાહનમાં એનર્જી ટ્રાન્સફર કરવામાં આવે છે. આ માટે ઈલેક્ટ્રિક વાહનમાં વાયરલેસ એનર્જી રિસીવર હોવું જરૂરી છે. આ સિસ્ટમ દ્વારા ૨૦૦ kWનો સતત પાવર આપવામાં આવે છે અને એ ૩૦૦ kW સુધી પણ જઈ શકે છે. ટેસ્લાના V3 સુપરચાર્જરની ક્ષમતા બરાબર આ રોડ વાયરલેસ એનર્જી આપે છે.

આ એનર્જી પેસેન્જર કારથી લઈને હેવી ટ્રક્સ અને બસ દરેકને આપવામાં આવે છે. આ માટે તેમને રોડ પર ઊભા રહેવાની પણ જરૂર નથી. આ ટેક્નોલોજીની મદદથી વાહનચાલકને તેની કાર અથવા તો અન્ય વાહનમાં વધુ બેટરી કેપેસિટી હોય એનો આગ્રહ ઓછો રહેશે. તેમ જ તેને વારંવાર ચાર્જ કરવા માટે ઊભા નહીં રહેવું પડે અને સમયનો બગાડ પણ નહીં થાય.

આ પ્રોજેક્ટ પાછળ ઘણાં બધા પાર્ટનર દ્વારા સાથે મળીને કામ કરવામાં આવ્યું હતું. એમાં ઈલેક્ટ્રિઓન કંપનીનો સમાવેશ થાય છે. આ એક ઈઝરાયલની ટેક ફર્મ છે જે વાયરલેસ ઈલેક્ટ્રિક વાહનના ચાર્જર માટે સ્પેશિયલ કામ કરે છે. ફ્રાન્સના સૌથી મોટા હાઈવે ઓપરેટર કંપની VINCI ઓટોરૂટ્સ, ગસ્ટાવે આઈફેલ યુનિવર્સિટી જે આ સિસ્ટમના પર્ફોર્મન્સ પર ધ્યાન આપે છે.

ફ્રાન્સનું ટ્રાન્સપોર્ટ સેક્ટર દેશના ૧૬ ટકા ગ્રીનહાઉસ ગેસ ઈમિશન માટે જવાબદાર છે. ઈલેક્ટ્રિક વાહન માટે ચાર્જિંગ હાઈવે બનાવીને ફ્રાન્સ તેમના દેશમાં થતાં પોલ્યુશનને ઘટાડવા માગે છે. આ એક પાયલોટ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટની સફળતા બાદ હવે ફ્રાન્સમાં ૯૦૦૦ કિલોમીટરનો વાયરલેસ ચાર્જિંગ હાઈવે બનાવી શકાય છે. આ માટે જોકે પરવાનગી હજી મળી નથી, પરંતુ એની શક્યતા છે.

# સોનું અને ચાંદી થશે સસ્તું! ભારત સરકારે લીધો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે સોના અને ચાંદીના મૂળ આયાત ભાવમાં ઘટાડો કર્યો છે. સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૪૨ ડોલર અને ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧૦૭ ડોલરનો ઘટાડો કરવામાં આવ્યો છે. વૈશ્વિક બજારમાં વધઘટને ધ્યાનમાં રાખીને ભાવ સ્થિર કરવા અને સ્થાનિક વેપારને વેગ આપવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.મોદી સરકારે સોના અને ચાંદીના આયાત ભાવમાં ઘટાડો કર્યો છે. સરકારે સોનાના મૂળ આયાત ભાવમાં ૪૨ ડોલર(10 GM) અને ચાંદીના મૂળ આયાત ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૧૦૭ ડોલરનો ઘટાડો કર્યો છે. વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવમાં સતત વધઘટ વચ્ચે ભાવ નિયંત્રણમાં રાખવા અને સ્થાનિક વેપારને વેગ આપવા માટે આ કામ કરાયું છે. બેઝ ઈમ્પોર્ટ પ્રાઈસ એ આયાતી માલ પર કસ્ટમ ડ્યુટીની ગણતરી કરવા માટે વપરાતી કિંમત છે. સરકાર દર ૧૫ દિવસે આ કિંમત અપડેટ કરે છે. જ્યારે બેઝ પ્રાઈસ ઘટાડવામાં આવે છે, ત્યારે આયાતકારો પર કરનો બોજ ઓછો થાય છે, જે સ્થાનિક બજારમાં સ્થિર ભાવ જાળવવામાં મદદ કરે છે.

### ટેરિફ આતંકવાદ છે : બાબા રામદેવ

# બાબા રામદેવે અમેરિકન આર્થિક નીતિઓ પર આકરા પ્રહારો કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વેપાર સંબંધોને લઈને ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, એક તીક્ષ્ણ અને મહત્વપૂર્ણ નિવેદન બહાર આવ્યું છે. આ નિવેદન પતંજલિ આયુર્વેદના સહ-સ્થાપક બાબા રામદેવનું છે.

તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આર્થિક નીતિઓ, ખાસ કરીને વિવિધ દેશો પર લાદવામાં આવી રહેલા ભારે ટેરિફ ની સખત નિંદા કરી છે. બાબા રામદેવે આ ટેરિફને "આતંકવાદ" ગણાવ્યા છે અને આ "આર્થિક યુદ્ધ" ની તુલના ત્રીજા વિશ્વયુદ્ધ સાથે કરી છે.

બાબા રામદેવે યુએસ આર્થિક નીતિ પર પોતાના વિચારો વ્યક્ત કરતા વખતે ખૂબ જ કઠોર શબ્દોનો ઉપયોગ કર્યો હતો. તેમણે કહ્યું, "ટેરિફ આતંકવાદ સમાન છે, તે ખૂબ જ ખતરનાક છે. બીજા વિશ્વયુદ્ધ પછી, જો ત્રીજું વિશ્વયુદ્ધ થાય છે, તો તે આ આર્થિક યુદ્ધ છે." તેમણે એ પણ ભાર મૂક્યો કે આ વૈશ્વિક આર્થિક સંઘર્ષમાં, ઓછામાં ઓછા ગરીબ અને વિકાસશીલ દેશોના હિતોને ધ્યાનમાં લેવા જોઈએ.

બાબા રામદેવે અમેરિકાની નીતિઓ પર નિશાન સાધ્યું, તેમને "સામ્રાજ્યવાદી" અને "વિસ્તરણવાદી" ગણાવ્યા. તેમણે વિશ્વની શક્તિ અને સમૃદ્ધિ પર થોડા લોકો દ્વારા નિયંત્રણ રાખવાની વ્યવસ્થાની આકરી ટીકા કરી. તેઓ સ્પષ્ટપણે માને છે કે આવી વ્યવસ્થા સમગ્ર વિશ્વમાં ફક્ત અસમાનતા, અન્યાય, શોષણ અને સંઘર્ષ તરફ દોરી જશે. તેમણે ચેતવણી આપી, "દરેક વ્યક્તિએ પોતાની મર્યાદામાં રહેવું જોઈએ અને દરેક સાથે આગળ વધવાની પરંપરાને મજબૂત બનાવવી જોઈએ. જો મુઠ્ઠીભર લોકો વિશ્વની શક્તિ, સંપત્તિ, સમૃદ્ધિ અને શક્તિને નિયંત્રિત કરશે, તો અસમાનતા, અન્યાય, શોષણ, સંઘર્ષ અને રક્તપાત ફક્ત સમગ્ર વિશ્વમાં ફેલાશે." આ ટિપ્પણી સીધી વૈશ્વિક વ્યવસ્થા પર પ્રશ્ન ઉઠાવે છે, જ્યાં આર્થિક નીતિઓ સામાન્ય માણસના જીવનને અસર કરી રહી છે.

જ્યારે બાબા રામદેવને પૂછવામાં આવ્યું કે શું આવા આર્થિક યુદ્ધનો જવાબ 'સ્વદેશી' ઉત્પાદનો અપનાવવા હોઈ શકે છે, ત્યારે તેમણે તેનું જોરદાર સમર્થન કર્યું. તેમણે સ્વદેશીના દર્શનને ઊંડાણપૂર્વક સમજાવતા કહ્યું કે તે ફક્ત સ્થાનિક ઉત્પાદનો ખરીદવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેનો મુખ્ય સિદ્ધાંત બધાને એકસાથે ઉત્થાન આપવાની ભાવના (સર્વોદય) માં રહેલો છે. તેમણે કહ્યું, "સ્વદેશી એ આત્મનિર્ભરતા અને સમાજના છેલ્લા વ્યક્તિના ઉત્થાનની ફિલસૂફી છે." બાબા રામદેવે યાદ અપાવ્યું કે મહર્ષિ દયાનંદથી લઈને સ્વામી વિવેકાનંદ સુધીના ઘણા મહાન ભારતીય હસ્તીઓએ "સ્વદેશી" ના વિચારની હિમાયત કરી છે.

# હવે NEETના સ્થાને NExT હેઠળ મેડિકલમાં પ્રવેશ સહિતની પ્રક્રિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતમાં મેડિકલ એજ્યુકેશનમાં મોટા ફેરફાર થવા જઈ રહ્યા છે. નેશનલ મેડિકલ કમિશને (NMC) જણાવ્યું છે કે, મેડિકલ ગ્રેજ્યુએટ્સ માટે નેશનલ એક્ઝિટ ટેસ્ટ (NExT)ને લાગુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયા લાગુ થવાથી NEETના સ્થાને NExTને રહેશે અને ડૉક્ટર બનવાની સમગ્ર પ્રક્રિયામાં બદલાવ આવશે.

જોકે, NExT હાલ તો તાત્કાલિક ધોરણે લાગુ કરાશે નહીં. તેવામાં ચાલો જાણીએ NEETએ NExTમાં કઈ રીતે પરિવર્તિત થશે અને ડૉક્ટર બનાવની આખી પ્રક્રિયા વિશે. અત્યાર સુધીમાં NEET દ્વારા મેડિકલ કોલેજમાં MBBS અને BDS કોર્ષ માટે એડમિશનની પ્રક્રિયા થતી હતી. જ્યારે હવે NMC અનુસાર, આગળ જતાં ડૉક્ટર બનવા, મેડિકલ પ્રેક્ટિસનું લાયસન્સ મેળવવા અને ગ્રેજ્યુએટમાં પ્રવેશની પ્રક્રિયા એક જ પરીક્ષા NExTને ધ્યાને લેવાશે. દ્નઈટ્ને એક કોમન એક્ઝામ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેનાથી દેશની તમામ મેડિકલ કોલેજના વિદ્યાર્થીનું મુલ્યાંકન એક જ સ્તરે થઈ શકે. આનાથી મેડિકલ એજ્યુકેશનની ક્વોલિટી અને ડૉક્ટરોની ક્વોલિફિકેશનમાં પણ સુધારો થવાની અપેક્ષા છે. NMCના ચેરમેન મુજબ, NExT પરીક્ષાને ઓગસ્ટ, ૨૦૨૫થી લાગુ કરવાની યોજના હતી, પરંતુ તેને સ્થગિત કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાને તરત જ લાગુ નહીં કરાય, પરંતુ પહેલા તેની તૈયારી, સ્ટ્રક્ટર અને ફીડબેક પર કામ કરાશે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન સાથે મળેલી બેઠક બાદ NMCએ જણાવ્યું હતું કે, આગામી ત્રણથી ચાર વર્ષ સુધી મૉક ટેસ્ટ આયોજિત કરાશે. આ ટ્રાયલ પરીક્ષા પછી ચકાસવામાં આવશે કે, NExTને લાગુ કરવું કેટલું યોગ્ય છે. NExTનો સંપૂર્ણ ખર્ચ NMC ઉઠાવશે. NExT પરીક્ષાને લઈને પહેલા જ અનેક વિદ્યાર્થીઓ અને ડૉક્ટર સંગઠનોએ વિરોધ નોંધાવ્યો છે. વર્ષ ૨૦૧૯માં દ્નસ્ઝએ વર્ષ ૨૦૨૩ માટે NExT પરીક્ષા આયોજિત કરવાની યોજના બનાવી હતી, જોકે, વિદ્યાર્થીઓના વિરોધને પગલે તેને અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવ્યું હતું. વિરોધ કરનારાઓએ દલીલ કરી હતી કે, આ પરીક્ષા NMC એક્ટ ૨૦૧૯ની જોગવાઈઓ વિરુદ્ધ છે અને શૈક્ષણિક દબાણ વધારશે.

જો દ્નઈટ્ લાગુ કરવામાં આવેશે તો, NEET-PG, FMGE અને MBBS અંતિમ વર્ષની પરીક્ષા નાબૂદ થઈ જશે. હકીકતમાં જો NExT લાગુ કરવામાં આવે તો MBBS વિદ્યાર્થીઓએ અંતિમ વર્ષની પરીક્ષાને બદલે NExT આપવી પડશે.

પોસ્ટગ્રેજ્યુએટમાં એડમિશન ફક્ત NExT મેરિટ આધારિત મળશે. વધુમાં, વિદેશી MBBS વિદ્યાર્થીઓને હવે FMGE અલગથી આપવાની જરૂર રહેશે નહીં. તેઓ ભારતીય વિદ્યાર્થીઓ સાથે NExTમાં પણ ભાગ લઈ શકશે.



## તંત્રી લેખ......

# સર્વોચ્ચ અદાલતને ચિંતા, સરકાર-પ્રશાસન બેદરકાર

શેરીમાં રખડતા શ્વાન મુદ્દે સર્વોચ્ચ અદાલતે ફરી ભવાં તાણ્યાં છે. આવું એટલા માટે તેણે કરવું પડયું કે, દેશના કેટલાક રાજ્યોની સરકાર અને તેનું પ્રશાસન સ્થાયીરૂપથી બધિર હોય તે રીતે વર્તી રહ્યાં છે. આખા દેશના રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યા હોવા છતાં કાર્યવાહી થઈ નથી તેવી ઝાટકણી સર્વોચ્ચ અદાલતે કાઢી. રખડતા શ્વાનની સમસ્યા મોટી છે, વકરી રહી છે. દેશના ન્યાયતંત્રની સર્વોચ્ચ સંસ્થાને તેની ચિંતા છે, પરંતુ તંત્ર બેદરકાર-બેજવાબદાર છે. રસ્તા ઉપર શ્વાન કરડવાથી દર વર્ષે હજારો લોકોના જીવ જાય છે. શ્વાન પાછળ દોડે અને અકસ્માત થાય તે ઘટના તો વળી અલગ. મુદ્દો જો જીવદયાનો હોય તો એટલું સૌ કોઈએ સ્પષ્ટ સમજી જવું જોઈએ કે માણસ પણ જીવ છે, તેની પણ દયા હોય. શ્વાન કે કોઈ પશુ-પ્રાણી, નાના જંતુને પણ મારવું તે આપણી સંસ્કૃતિ નથી. વસૂકી ગયેલી ગાયને પણ પાંજરાપોળમાં સાચવવામાં આવે છે. રોગિષ્ટ શ્વાનની સેવા-સારવાર કરતી સંસ્થાઓ પણ દેશમાં- ગુજરાતમાં ઘણી છે, તેમનું કાર્ય પ્રશંસનીય છે, તેને પ્રોત્સાહન પણ મળવું જોઈએ. સામે વાત એટલી છે કે રસ્તે રખડતી ગાય હાઈ-વે ઉપર પણ ટ્રાફિકને અડચણરૂપ બને, શ્વાન શેરીમાં દોડે અને રાહદારીને-વાહનચાલકને કરડે ત્યારે એ સ્થિતિનો કોઈ ઉકેલ હોવો જોઈએ. નગર સંસ્કૃતિ આપણે અપનાવી એટલે પશુ ત્યાં વસે જ નહીં તેવું ન હોય, પરંતુ માનવીઓ સલામત રીતે વસી શકે તે તો આવશ્યક છે. આ મુદ્દે વિવાદ જૂનો છે. અદાલતના આદેશ કે પ્રશાસન દ્વારા થતા તેના અમલનો વિરોધ શ્વાનપ્રેમીઓ ઝનૂનપૂર્વક કરે છે. ૨૨ જુલાઈ-૨૦૨૫ના દિવસે સ્વતઃ સંજ્ઞાન લઈને રઝળતા શ્વાનને લીધે થતી સમસ્યા, હડકવાનો મુદ્દો અદાલતે લીધો હતો. દિલ્હી-એનસીઆરમાંથી હટાવીને તેમે શેલ્ટરહાઉસમાં મોકલી દેવા હુકમ થયો, આ નિર્ણયનો પ્રચંડ વિરોધ થયો. ૨૨મી ઓગસ્ટે કોર્ટે કહ્યું કે નસબંધી કરીને શ્વાનને છોડી દેવાશે, તેમને ગોંધી નહીં રખાય.

સાથે જ આ કાયદો રાષ્ટ્રવ્યાપી બનાવાયો. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પણ પક્ષકાર બનાવાયા. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તરે આ અંગે નીતિ ઘડાવી જોઈએ. હવે મુદ્દો ઉપસ્થિત થયો છે કે, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને દિલ્હી સિવાય રખડતા શ્વાન અંગે કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશે અહેવાલ આપ્યો નથી. જે પ્રશ્ન મ્યુનિસિપાલિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાનો છે તેના માટે સુપ્રીમકોર્ટ ચિંતા કરે તે તો કેવું ? કોર્ટ ન કહે તો પણ શહેરી વ્યવસ્થા, શહેરીજનની સલામતી માટે રખડતા પશુ, ગંદકી જેવી બાબતોને સ્થાનિક પ્રશાસને કામ કરવું જોઈએ. રાજ્ય સરકારે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ. તદ્દન સામાન્ય કાર્ય માટે કોઈ આદેશની જરૂર જ ન હોય. શહેર નિયમન તો સ્થાનિક પ્રશાસનની પાયાની ફરજ છે. વિવિધ સંસ્થા, સેવાભાવી લોકોએ પણ સકારાત્મક અને સમજણપૂર્વકનું વલણ અપનાવવાની જરૂર છે. જીવહિંસા કે જીવ પ્રતારણાની વાત નથી. વ્યવસ્થા માટે આ કરવું જરૂરી છે. શ્વાન કે પશુને ઈજા પહોંચાડયા વગર શહેરનું તંત્ર સારી રીતે ચલાવવું પડે.

### સરદાર @ ૧૫૦ : યુનિટી માર્ચઃ એક ભારત શ્રેષ્ઠ ભારત

# તારીખ ૨૬મી નવેમ્બરથી ૬ઠ્ઠી ડિસેમ્બર સુધી કરમસદથી કેવડીયા સુધીની લગભગ ૧૫૦ કી.મી.ની રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે

### સરદાર પટેલના જીવન-કવનને લોકો સુધી પહોંચાડવા માટે યુનિટી માર્ચ અસરકારક માધ્યમ બનશે : કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા



સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિના અવસરે આગામી તા. ૨૬ નવેમ્બર થી તા. ૬ ડિસેમ્બર સુધી કરમસદથી કેવડીયા સુધીની લગભગ ૧૫૦ કી.મી.ની રાષ્ટ્રીય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશની સ્વતંત્રતા માટે અને આઝાદી બાદ ભારતને એક ભારત બનાવવા માટે સરદાર વલ્લભભાઈ પટેલે આપેલા યોગદાનને ઉજાગર કરતી આ રાષ્ટ્રીય પદયાત્રાના સુચારૂ આયોજન અર્થે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા તથા કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી રક્ષા નિખિલ ખડસેની પ્રેરક ઉપસ્થિતિમાં મંત્રી મંડળના અન્ય મંત્રીશ્રીઓ અને સનદી અધિકારીઓની એક બેઠક આણંદ સ્થિત એન.ડી.ડી.બી. ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું કે, સરદાર પટેલે દેશની આઝાદી અને આઝાદી બાદ દેશની એકતા અને અખંડીતતા માટે આપેલ યોગદાનને જન જન સુધી પહોંચાડવા માટે રાષ્ટ્રીય પદયાત્રા એ અસરકારક માધ્યમ બની રહેશે. આ પદયાત્રા એ સાચા અર્થમાં સરદાર પટેલના વિચારોને અનુરૂપ સાદગીનું પ્રતિક બની રહે તેવી હોવી જોઈએ. જેમાં સ્વચ્છતાની સાથે આત્મ નિર્ભર ભારતની છબી ઉજાગર થાય તે જરૂરી છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉપસ્થિત સર્વેને માર્ગદર્શન આપતાં કહયું કે, પદયાત્રા જે ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થાય તેના સપ્તાહ અગાઉ સબંધિત વિસ્તારોમાં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા સરદાર પટેલના જીવન-કવનથી લોકોને માહિતગાર કરવામાં આવે તથા પદયાત્રા દરમિયાન સબંધિત ગામના વરિષ્ઠ વ્યક્તિથી માંડી જે લોકો ગામના વિકાસમાં સહભાગી બન્યા હોય તેવા નાનામાં નાના માણસને સન્માનવા જોઈએ. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી માર્ગદર્શન આપતા જણાવ્યું હતુ કે, પદયાત્રા સાથે જન જન જોડાય તેવું આયોજન થાય તે જરૂરી છે. આ પદયાત્રાના રાત્રિ પડાવના સ્થળોએ સ્થાનિક કલાકારો દ્વારા સરદાર પટેલના જીવન-કવન ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવે તે ઈચ્છનિય છે. આ ઉપરાંત આ યાત્રામાં વિદ્યાર્થીઓ, યુવાઓની સાથે અબાલ વૃધ્ધ સૌ કોઈ સહભાગી બને તે પ્રકારના આયોજન સાથે સ્કૂલમાં પણ સરદાર વિશેના નિબંધ સ્પર્ધા તથા ક્વિઝ સ્પર્ધા યોજાય તે પ્રકારનું આયોજન કરવા તેમણે જણાવ્યું હતું.

આ બેઠકમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પદયાત્રા દરમિયાન પ્રત્યેક ગામમાં પ્રાકૃતિક કૃષિ પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટેના પ્રદર્શન સ્ટોલ તથા સ્વછતા અભિયાનને સાર્થક કરતા સંદેશ પણ પદયાત્રા થકી લોકોને મળી રહે તે જોવા જણાવ્યું હતુ. તેમણે પદયાત્રાના રૂટમાં આવતા ગામોના પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલા ખેડૂતોને સન્માનવાના સૂચન સાથે સરદાર યાત્રા એ સરદાર પટેલ જેવા લોહપુરૂષની આભાને અનુરૂપ બની રહે તે જોવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં ઉપસ્થિત કેન્દ્રીય રાજય મંત્રી શ્રી રક્ષા નિખિલ ખડસે, રાષ્ટ્રીય મહાસચિવશ્રી સુનિલ બંસલ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી રત્નાકરજી, જિલ્લા અગ્રણી શ્રી સંજયભાઈ પટેલ, કેન્દ્રીય યુવા અને રમતગમત સચિવશ્રી પલ્લવી જૈન સહિતના મહાનુભાવોએ પદયાત્રાના રૂટ, યાત્રામાં જન જનની ભાગીદારી, રૂટના પડાવના સ્થળે પદયાત્રીઓની રાત્રિ નિવાસ, ભોજન સહિતની બાબતો, સરદાર પટેલના જીવન કવનને ઉજાગર કરતાં સાંસ્કૃતિક કાર્યક્રમો, સરદાર સ્મૃતિ વનના નિર્માણ અને એક પેડ મા કે નામ અંતર્ગત ૫૬૨ જેટલા વૃક્ષોનું વાવેતર, સ્વચ્છતા અને સ્વદેશી તથા સરદાર પટેલના વિચારને મૂર્તિમંત કરતાં કાર્યો થકી આ પદયાત્રા સાચા અર્થમાં જન-જનની યાત્રા બને રહે તે માટે તેમના વિચારો - સૂચનો રજુ કર્યા હતા. બેઠકના પ્રારંભમાં રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમારે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરીને રાષ્ટ્રીય પદયાત્રાના આયોજનની વિસ્તૃત રૂપરેખા આપી હતી, તથા બેઠકના અંતમાં તેમણે મંત્રીશ્રી તથા મહાનુભાવો તરફથી મળેલ સૂચનોને અનુરૂપ રાષ્ટ્રીય પદયાત્રાનું સફળ આયોજન કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રાષ્ટ્રીય પદયાત્રાના આયોજનની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

બેઠક બાદ મંત્રીશ્રીઓ તથા મહાનુભાવોએ કરમસદ સ્થિત સરદાર પટેલના નિવાસ્થાનની મુલાકાત લઈને સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ભાવાંજલિ અર્પણ કરી હતી. આ બેઠકમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, નાણાં રાજ્ય મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્યો સવશ્રી યોગેશભાઈ પટેલ, શ્રી ચિરાગભાઈ પટેલ, સચિવશ્રી, પ્રવાસન વિભાગ, સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ, માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણી, જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી, કરમસદ આણંદ મહાનગરપાલિકા કમિશનર શ્રી મિલિંદ બાપના, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહાં સહિત વડોદરા, ખેડા, નર્મદા જિલ્લાના કલેકટરશ્રી તથા રાષ્ટ્રીય પદયાત્રાના સૂચારૂ આયોજન અર્થે બનાવવામાં આવેલ વિવિધ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

### ૧૪ કલાકનું કામ ૮ કલાકમાં પણ થાય : સોનાક્ષી

# બોલિવૂડમાં શિફ્ટ મુદ્દે ચાલતા વિવાદ પર સોનાક્ષીનું દિપીકા પાદુકોણને સમર્થન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દીપિકા પાદુકોણ ભલે આ વર્ષે કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. પરંતુ લાઈમલાઈટમાં રહી છે, તેની પાછળનું કારણ તેણે આપેલું એક નિવેદન છે. દીપિકાએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાને એક ફિલ્મમાંથી દૂર કરવા પાછળનું કારણ જણાવ્યું હતું. આ કારણથી સિનેમા જગતમાં વિરોધની લાગણી છવાઈ હતી.

દીપિકાએ જણાવ્યું હતું કે, મને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ સ્પિરિટમાંથી દૂર કરવામાં આવી હતી, તેની પાછળનું એક કારણ એ હતું કે અભિનેત્રીએ ૮ કલાકની શિફ્ટની માંગ કરી હતી. આ નિવેદનથી દીપિકા પ્રત્યે સહાનૂભૂતિ તેમજ અન્ય સેલિબ્રિટી દ્વારા પોતાની સાથે પણ આ પ્રકારની ઘટના બની હોવાના રિએક્શન આવી રહ્યા છે. જેમાં પ્રચલિત અભિનેત્રી સોનાક્ષી સિંહાએ પણ દીપિકાની વાત પર સહમતિ વ્યક્ત કરતાં પ્રતિક્રિયા આપી હતી. બીજી તરફ અમુક લોકોએ આ મામલે દીપિકાના કામના કલાકોમાં રાહત મુદ્દે અસંમતિ પણ વ્યક્ત કરી હતી.

૧૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહેલી અભિનેત્રી સોનાક્ષી સિંહાએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં દીપિકાની ૮ કલાકની શિફ્ટની માંગ સાથે સંમતિ દર્શાવી હતી. તેમજ પોતાની સાથે પણ આ પ્રકારનો ખરાબ અનુભવ થયો હોવાની વાત રજૂ કરી હતી. તેણે કહ્યું કે, મેં આઠ કલાક અથવા તો ૧૮ કલાક કામ કર્યું છે. તે પ્રોજેક્ટ અને તેમાં સામેલ લોકો પર આધાર રાખે છે, પરંતુ મને લાગે છે કે જો ચીજોને વધુ વ્યવસ્થિત રીતે મેનેજ કરવામાં આવે તો સેટ પર જે કામ ૧૪ કલાકમાં થાય છે, તે આઠ કલાકમાં થઈ શકે છે. તદુપરાંત, ક્રૂ અમારા કરતા ઘણો લાંબો સમય કામ કરે છે. તેઓ વહેલા આવે છે, મોડા જાય છે, અને તેમનો પણ એક પરિવાર છે. એક સુચારૂ માળખું હોવું જરૂરી છે જેથી દરેક વ્યક્તિ કામની બહાર પોતાનું જીવન જીવી શકે. સોનાક્ષી સિંહા ટૂંક સમયમાં સુધીર બાબુની આગામી ફિલ્મ 'જટાધારા'માં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેત્રી મુખ્ય ભૂમિકા ભજવે છે, અને ટ્રેલરમાં તેના અભિનયને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં દિવ્યા ખોસલા અને શિલ્પા શિરોડકર પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ફિલ્મ ૭ નવેમ્બરના રોજ થિયેટરમાં રિલીઝ થશે. અભિનેત્રી છેલ્લે 'નિકિતા રોય' ફિલ્મમાં જોવા મળી હતી, જે બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી.

# પાણીના પ્રવાહમાં લાપતા ખેડૂતનો બે દિવસ બાદ મૃતદેહ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના ધોળાદ્રી ગામમાં રહેતા એક ખેડૂતના પાણીના પ્રવાહમાં તણાઈ જવાથી મોત નિપજ્યાની દુઃખદ ઘટના સામે આવી છે. બે દિવસ પહેલા ખેતરે ગયેલા ૫૫ વર્ષીય ખેડૂત લાપતા થયા હતા, જેમની બે દિવસની સખત શોધખોળ બાદ આજે મૃતદેહ મળી આવ્યો હતો. ધોળાદ્રી ગામના રહેવાસી જાદવભાઈ રાઠોડ (ઉ. વ. ૫૫) બે દિવસ અગાઉ પોતાના ખેતરે ગયા હતા. તે દરમિયાન તેઓ અચાનક પાણીના ભારે પ્રવાહમાં ફસાઈ ગયા હતા અને જોતજોતામાં પ્રવાહમાં તણાઈ જતાં ગુમ થયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું અને ખેડૂતની શોધખોળ માટે એનડીઆરએફ (NDRF) ની ટીમને બોલાવવામાં આવી હતી. છેલ્લા બે દિવસથી એનડીઆરએફની ટીમ દ્વારા લાપતા જાદવભાઈની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ ગંભીર ઘટનાની જાણ થતાં રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેઓ પોતે પણ ગુમ થયેલા ખેડૂતની શોધખોળના કાર્યમાં જોડાયા હતા અને તંત્રને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### ઈન્ડસ્ટ્રીના વિવાદાસ્પદ મુદ્દા પર બોલ્યા પરેશ રાવલ

# ઓસ્કર અને નેશનલ એવોર્ડમાં થાય છે લોબિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલિવૂડના દિગ્ગજ એક્ટર પરેશ રાવલ પોતાની એક્ટિંગ સિવાય સ્પષ્ટ વક્તા તરીકે પણ જાણીતા છે. હાલમાં જ એક્ટરે ઈન્ડસ્ટ્રીના સૌથી વિવાદસ્પદ મુદ્દે એવોર્ડ લોબિંગ પર વાત કરી હતી.

પરેશ રાવલે માત્ર ભારતીય એવોર્ડ જ નહીં પરંતુ વિશ્વના સૌથી સવર્શ્રેષ્ઠ ઓસ્કાર એવોર્ડને લઈને પોતાના વિચારો શેર કર્યા છે.

કન્ટેન્ટ ક્રિએટર અને યુટ્યૂબર રાજ શર્માને એક ઈન્ટરવ્યૂમાં પરેશ રાવલે એવોર્ડ પર પોતાના વિચારો શેર કર્યા હતા. પરેશ રાવલે કહ્યું કે, મને એવોર્ડ વિશે વધુ માહિતી નથી. પરંતુ એક વાત હું કહીશ કે, રાષ્ટ્રીય પુરસ્કારમાં થોડું ઘણુ લોબિંગ થાય છે. પણ બીજા પુરસ્કારોમાં જેટલું થાય છે, તેટલું નહી. બીજા પુરસ્કારો વિશે વાત કરવાથી કોઈ ફરક પડતો નથી. પણ રાષ્ટ્રીય પુરસ્કાર એક રાષ્ટ્રીય પુરસ્કાર છે, તેની પ્રતિષ્ઠા છે. એક્ટરે આગળ કહ્યું કે, લોબિંગ ખૂબ જ વધી રહ્યું છે. ઓસ્કાર માટે પણ લોબિંગ થઈ રહ્યું છે. તેમણે આગળ સમજાવ્યું કે, આ કેવી રીતે થાય છે, હા, ભાઈ, આ રાજની ફિલ્મ છે. ચાલો એકેડેમીના બધા સભ્યોને એકત્ર કરીએ. આ પુરસ્કાર અંગે પરેશ રાવલે કહ્યું, તેમના માટે, સાચી ઓળખ એક અલગ સોર્સમાંથી આવે છે. આ એવોર્ડ કોઈ એક સમુદાય તરફથી મળેલી સ્વીકૃતિ છે. પરંતુ મારા માટે સમુદાય કોણ છે? દિગ્દર્શકો. જ્યારે દિગ્દર્શક કટ કહે છે, જ્યારે લેખક કહે છે કે, તેઓ મારા કામથી ખુશ છે, ત્યારે મને મારો એવોર્ડ મળે છે. ત્યાં મારી ઈચ્છા, મારી ડ્રાઈવ બધું જ અટકી જાય છે. હું હવે તેને આગળ જોવા નથી માંગતો.

પરેશ રાવલે કહ્યું, મારા કામને મારા દિગ્દર્શકો અને લેખકો કરતાં વધુ સારી રીતે કોઈ સમજી શકતું નથી. જ્યારે તેઓ મારી પ્રશંસા કરે છે, ત્યારે વાત પુરી થઈ જાય છે અને જો કેટલાક લોકો જેમનો હું ખરેખર આદર કરું છું તેઓ પણ મારા કામને સ્વીકારે છે, તો તે અંતિમ વાત છે.

# પંચમહાલ ડેરીએ પંચામૃત દાણનો ભાવ અંતે ઘટાડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોધરા

કમોસમી વરસાદને કારણે ખેડૂતો અને પશુપાલકોને થયેલા ભારે નુકસાનને ધ્યાનમાં રાખીને, પંચમહાલ ડેરીએ પશુપાલકો માટે એક મોટી રાહતની જાહેરાત કરી છે. પશુઓને ખવડાવવામાં આવતા પંચામૃત દાણના ભાવમાં પ્રતિકિલો દીઠ એક રૂપિયાનો ઘટાડો કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના મોરવા (રેણાં) વિસ્તારમાં ખેડૂતો સાથે પાક નુક્સાની અંગે એક બેઠક યોજાઈ હતી. જેમાં ખેડૂતો અને પશુપાલકોની રજૂઆત બાદ પંચમહાલ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે આ જાહેરાત કરી હતી.કમોસમી વરસાદના કારણે માત્ર ખેતીના પાકને જ નહીં, પરંતુ પશુઓના ઘાસચારાને પણ વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને, પંચમહાલ ડેરી સંચાલિત પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના પશુપાલકો પાસેથી હવે પંચામૃત દાણના ભાવમાં પ્રતિકિલો દીઠ એક રૂપિયો ઓછો લેવામાં આવશે.મળતી માહિતી અનુસાર, આ ભાવ ઘટાડાનો લાભ એકાદ-બે મહિના સુધી ત્રણેય જિલ્લાના હજારો પશુપાલકોને મળશે. દાણના ભાવમાં કરાયેલા આ ઘટાડાની જાહેરાતને પગલે પંચમહાલ, દાહોદ અને મહીસાગર એમ ત્રણેય જિલ્લાના હજારો પશુપાલકોને મળશે રાહત મળશે. આ નિર્ણયથી આર્થિક બોજ હેઠળ દબાયેલા પશુપાલકોને મોટો ટેકો મળશે.

### ગુજરાતની ખૌફનાક ડબલ મર્ડર મિસ્ટ્રી

# ૧૫ વર્ષના છોકરાએ મોટા ભાઈની કરપીણ હત્યા કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)જુનાગઢ

ગુજરાતના જુનાગઢથી લગભગ ૫૦ કિલોમીટર દૂર એક નાના ગામમાં, ૧૫ વર્ષના સગીરે તેના મોટા ભાઈની ક્રૂરતાથી હત્યા કરી. તેણે તેની છ મહિનાની ગર્ભવતી ભાભીની પણ હત્યા કરી. પોલીસને આઘાત લાગ્યો કે આ ભયાનક ગુનો કરનાર કિશોરે કોઈ પસ્તાવો દર્શાવ્યો નહીં. તેણે કબૂલાત કરી કે જ્યારે તે તેના ભાઈની હત્યા કરી રહ્યો હતો, ત્યારે તેની ભાભીએ દયાની ભીખ માંગી, પરંતુ તેણે તેની અવગણના કરી અને પછી તેના પર બળાત્કાર કર્યો.

૧૬ ઓક્ટોબરના રોજ બનેલી આ ભયાનક ઘટના શુક્રવારે પ્રકાશમાં આવી. જ્યારે બિહારમાં રહેતી મહિલાના પરિવારનો મહિલા સાથે સંપર્ક તૂટી ગયો અને તેમને કંઈક ખોટું થયું હોવાની શંકા ગઈ, ત્યારે તેઓએ વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પોલીસે દંપતીના મૃતદેહને બહાર કાઢ્યા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે છોકરો તેના ભાઈને ખૂબ જ નફરત કરતો હતો, જે ઘણીવાર તેને મારતો હતો અને ઢોરઢાંખરની સંભાળ રાખીને કમાતા પૈસા ચોરી લેતો હતો.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે છોકરાએ તેના ભાઈને લોખંડના પાઈપથી માથા પર માર માર્યો હતો જ્યાં સુધી તે બેહોશ ન થઈ ગયો. જ્યારે તેની ભાભીએ તેનો ગુસ્સો જોયો અને દયાની ભીખ માંગી, ત્યારે તેણે તેની સાથે સંભોગની માંગણી કરી. મહિલા પર બળાત્કાર કર્યા પછી, તેને ડર હતો કે તે ચીસો પાડશે, તેથી તેણે તેના પેટ પર ઘૂંટણ રાખીને તેનું ગળું દબાવી દીધું. છોકરાની માતાએ તેને ઘરની પાછળ મૃતદેહો દફનાવવામાં મદદ કરી હોવાનું કહેવાય છે. પોલીસે પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરવા બદલ તેણીની ધરપકડ પણ કરી છે.

જ્યારે મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા, ત્યારે તે નગ્ન હતા, અને પુરુષની ખોપરીમાં ફ્રેક્ચર થયું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટ ટાંકીને, અધિકારીએ કહ્યું કે હુમલાને કારણે ગર્ભાશયમાંથી અર્ધ-વિકસિત ગર્ભ પણ બહાર આવ્યો હતો. તેમણે કહ્યું કે છોકરાએ પાંચ ફૂટ ઊંડો ખાડો ખોદીને મૃતદેહોને દફનાવી દીધા. ત્યારબાદ તેણે તેમના કપડાંમાં આગ લગાવી દીધી અને લોહીના ડાઘ સાફ કર્યા. ગુના સમયે તેની માતા પણ હાજર હતી. જોકે છોકરાએ મહિલા પર બળાત્કાર કર્યાની કબૂલાત કરી છે, પોલીસ આ વાતની પુષ્ટિ કરવા માટે તબીબી પુરાવાની રાહ જોઈ રહી છે.

માતાનો દાવો છે કે દંપતીનું મૃત્યુ અકસ્માતમાં થયું હતું. દિવાળી દરમિયાન મહિલાના માતાપિતા તેનો સંપર્ક ન કરી શક્યા ત્યારે તેઓ શંકાસ્પદ બન્યા. જ્યારે તેના પતિના ફોન પર વારંવાર ફોન આવતા રહ્યા, ત્યારે તેમણે છોકરાનો નંબર ડાયલ કર્યો. જોકે, તેણે અસ્પષ્ટ જવાબો આપ્યા. જ્યારે તેઓ ફોન કરવાનું ચાલુ રાખતા રહ્યા, ત્યારે તેની માતાએ ફોનનો જવાબ આપ્યો અને દાવો કર્યો કે તેમના પુત્ર અને પુત્રવધૂનું ઉત્તર ગુજરાતના હિંમતનગર નજીક એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

જોકે, જ્યારે માતાપિતાએ કથિત અકસ્માત સંબંધિત ફોટોગ્રાફ્સ, વીડિયો અથવા કોઈપણ સત્તાવાર દસ્તાવેજો માંગ્યા, ત્યારે તેણીએ તેમના પ્રશ્નો ટાળ્યા. તેમનો શંકા વધુ ઘેરો બન્યો. આના કારણે તેઓ બિહારના ખાગરિયા જિલ્લામાં સ્થિત તેમના વતનથી વિસાવદર ગયા. પોલીસે પુષ્ટિ આપી કે હિંમતનગર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવી કોઈ અકસ્માત કે મૃત્યુ થયું નથી.

તપાસકર્તાઓ છોકરાના શાંત અને નિર્દય વર્તનથી આશ્ચર્યચકિત થયા, તેણે કરેલી ક્રૂરતા છતાં. કસ્ટોડિયલ પૂછપરછ દરમિયાન, તેણે કોઈ પસ્તાવો દર્શાવ્યો ન હતો કે કોઈ વિગતો છુપાવવાનો પ્રયાસ કર્યો ન હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેને તેના મોટા ભાઈ પ્રત્યે ઊંડો રોષ હતો. તપાસકર્તાઓ એ પણ તપાસ કરી રહ્યા છે કે સગીર સાથે કોઈ દુર્વ્યવહાર થયો છે કે નહીં. વિસાવદર પોલીસે તેમના બાતમીદારોને સગીર છોકરા અને તેની માતા પર નજર રાખવા માટે ચેતવણી આપી. તેમના વર્તનથી શંકા જાગી. આ માહિતીના આધારે, બંનેને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા. અલગ પૂછપરછ દરમિયાન, સત્ય ધીમે ધીમે બહાર આવ્યું, અને છોકરાએ આખરે તે સ્થાન જાહેર કર્યું જ્યાં મૃતદેહો દફનાવવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસે તે સ્થાન પરથી અવશેષો બહાર કાઢ્યા. સહાયક પોલીસ અધિક્ષક (ASP) રોહિત કુમારે જણાવ્યું હતું કે કોલ ડિટેઈલ રેકોર્ડ્સ પરથી જાણવા મળ્યું છે કે છોકરાની માતા તે દિવસે ઘટનાસ્થળની નજીક નહોતી. હત્યામાં તેની સંડોવણી સ્થાપિત થઈ નથી, પરંતુ તેણીએ તેના પુત્રને પુરાવાનો નાશ કરવામાં મદદ કરી હતી. અમારું માનવું છે કે એક વ્યક્તિ માટે ખાડો ખોદીને મૃતદેહોને દફનાવવાનું શક્ય ન હોત. સગીરના પિતાનું મૃત્યુ COVID-19 રોગચાળા દરમિયાન થયું હતું. તેઓ લગભગ ૪૦ વર્ષ પહેલાં બિહારથી સ્થળાંતરિત થયા હતા, અને તેના બંને પુત્રોનો જન્મ ત્યાં થયો હતો. પિતા ગામની સીમમાં આવેલા ગામના મંદિરમાં પૂજારી તરીકે કામ કરતા હતા, અને પરિવાર નજીકમાં રહેતો હતો. છોકરો રખડતી ગાયો માટે એક નાનો શેડ ચલાવતો હતો, જ્યારે તેનો મોટો ભાઈ ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતો હતો.

# સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકા કોગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત કોંગ્રેસના સહપ્રભારી સુ.શ્રી સુભાષીની યાદવજી અને ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતા તુષાર ચૌધરી તેમજ પૂર્વ જિલ્લા પ્રમુખ અશોક પટેલ તેમજ પ્રદેશ મહામંત્રી નઈમબેગ મીર્જાની ઉપસ્થિતિમાં નવા વરસના સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના તેમજ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો , આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી જિલ્લા તથા તાલુકા પંચાયતની ચુંટણીઓમાં કોંગ્રેસના પક્ષના ભવ્ય વિજય માટે આહવાન કરવામાં આવ્યુ હતું.

# રાજુલા-જાફરાબાદના માછીમારોની સમુદ્ર સામે લડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના તટ વિસ્તારના રાજુલા-જાફરાબાદના માછીમારો છેલ્લા કેટલાક મહિનાથી ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. વારંવારના વાવાઝોડા, અચાનક મોજાં અને અનુકૂળ હવામાન ન હોવાના કારણે સમુદ્રમાં માછીમારી માટે જનાર બોટોને વારંવાર ખાલી હાથ પરત ફરવું પડે છે. દરિયાઈ ક્ષેત્રના આ માછીમારો, જેને સ્થાનિક સ્તરે "સાગર ખેડૂત" તરીકે ઓળખવામાં આવે છે, હવે સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે. જાફરાબાદ કોળી સમાજના પ્રમુખ અને જાણીતા માછીમાર હમીરભાઈ સોલંકીએ જણાવ્યું કે છેલ્લા ત્રણ મહિનામાં સમુદ્રમાં પાંચ વખત માછીમારી માટે નીકળ્યા બાદ વાવાઝોડા અને તોફાની મોજાંને કારણે બોટોને મધ્ય સાગરથી જ પરત આવવું પડ્યું હતું. "દર વખતે સમુદ્રમાં જતાં હજારો લિટર ડીઝલ, મજૂરોના પગાર અને બરફના ખર્ચમાં લાખો રૂપિયા ખર્ચાય છે. એક બોટ માલિકને તો અંદાજે ૧૦ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે." વધુમાં ઉમેર્યું કે "અમારું જીવન પણ જમીન ખેડૂત જેટલું જ જોખમભર્યું છે. જમીન ખેડૂતને પાકનું નુકસાન થાય ત્યારે સરકાર સહાય આપે છે, તો સમુદ્રમાં ખેતી કરનાર અમને પણ સહાય આપવી જોઈએ. અમે પણ દરિયાના ખેડૂત છીએ." હમીરભાઈએ જણાવ્યું કે તાજેતરમાં પકડાયેલ માછલીઓની સુકવણી દરમ્યાન વરસાદ અને ભેજને કારણે મોટું નુકસાન થયું.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### નિરાશ ખેડૂતોની સરકાર પાસે માંગ

# જો ઉદ્યોગોનું દેવું માફ થઈ શકે, તો ખેડૂતોનું નુકસાન કેમ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

રાજ્યમાં કમોસમી વરસાદને પગલે પાકને થયેલા ભારે નુકસાન બાદ ખેડૂતોનો આક્રોશ હવે ઉફાન પર છે. કમોસમી વરસાદના કારણે પાકને થયેલા ૮૦% થી ૮૫% નુકસાન બાદ ખેડૂતોમાં ઉકળાટ જોવા મળી રહ્યો છે. ખેડૂતોનો આક્રોશ એટલો છે કે, હવે ખેડૂતોની સહાયમાં ઉદ્યોગપતિઓને મળતી મદદ જોડાઈ છે. ભરૂચ જિલ્લાના ૯ તાલુકામાં કમોસમી વરસાદે હજારો ખેડૂતોના તૈયાર પાકને નષ્ટ કરી દીધા, જેના કારણે ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા. ખેતરો તળાવોમાં ફેરવાયા, અને ખેડૂતોની મહેનત, બીયારણ અને ખાતરનો ખર્ચ ડૂબી ગયો. ખેડૂતો સરકાર પાસે નુકસાનીના વળતરની માંગ કરી રહ્યા છે અને સહાય ન મળે તો આગામી ચૂંટણીમાં પરિણામ ભોગવવાની ચીમકી આપી છે. ભરૂચ જિલ્લાના ૯ તાલુકા—ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઝઘડીયા, નેત્રંગ, આમોદ, વાગરા અને જંબુસરમાં છેલ્લા ૧૫ દિવસથી કમોસમી વરસાદે હજારો એકર જમીનમાં ઘૂંટણસમું પાણી ભરી દીધું. આનાથી કપાસ, શેરડી અને ડાંગર જેવા પાક સંપૂર્ણ બરબાદ થયા. હાંસોટના ખેડૂતો, જેમ કે નોફર પટેલ (દેત્રાલ ગામના સરપંચ) અને કનુભાઈ પટેલે જણાવ્યું, "અમારી મહેનત અને ખર્ચ બધું વ્યર્થ ગયું. ખેતરોમાં પાણી ભરાઈ ગયું છે, અને હવે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે."ખેડૂતોની મહેનત ડૂબી છે. ખેડૂતોએ ત્રણ-ત્રણ વખત બીયારણ વાવ્યું, ખાતર અને મજૂરીમાં હજારો રૂપિયા ખર્ચ્યા, અને પોતાનો પરસેવો રેડીને પાક તૈયાર કર્યો. પરંતુ કમોસમી વરસાદે આ બધું નાશ કરી દીધું.

હાંસોટમાં ખેડૂતોએ ડાંગરના પાકને બચાવવા રોડ પર પાથરીને સૂકવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સતત વરસાદે તે પણ નિષ્ફળ કર્યું. હિંગલોટ ગામના એક ખેડૂતે જણાવ્યું, "અમારો પાક ગયો, અને હવે અમે આર્થિક રીતે તૂટી ગયા છીએ."

નર્મદા નદીની અસરચોમાસા દરમિયાન નર્મદા નદીમાં પાણી છોડવાથી નદીકાંઠાના ખેડૂતો પહેલેથી જ પીડાયા હતા. ચોમાસું પૂર્ણ થયા બાદ કમોસમી વરસાદે વધુ નુકસાન કર્યું, જેના કારણે ખેતરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ. ખેડૂતોની મહેનત અને આર્થિક રોકાણ પાણીમાં ડૂબી ગયા. વળતરની માંગખેડૂતોએ સરકાર પાસે હેક્ટર દીઠ ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની માંગ કરી છે. સરકારે નુકસાની વળતર માટે ઓનલાઈન અરજીની પ્રક્રિયા શરૂ કરી, પરંતુ ઘણા ખેડૂતો માટે આ પ્રક્રિયા જટિલ છે.

ખેડૂતોએ કહ્યું, "જો ઉદ્યોગોનું દેવું માફ થઈ શકે, તો ખેડૂતોનું નુકસાન કેમ નહીં?" ચૂંટણીની ચીમકીનિરાશ ખેડૂતોએ સરકારને ચેતવણી આપી છે કે જો તેમની સહાયની માંગ પૂરી નહીં થાય, તો આગામી ચૂંટણીમાં તેઓ પોતાનો પરચો બતાવશે.

વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રાણાએ જણાવ્યું કે તેમણે મુખ્યમંત્રીને ખેડૂતોની સહાય માટે રજૂઆત કરી છે.

# ગાંધીનગર કોર્પોરેશનમાં સમાવાયેલા નવા ૬ ગામડાઓને ૪૦ એમએલડી નર્મદાનુ પીવાનુ શુધ્ધ પાણી મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ઔડા) હસ્તકના ભાટ, કોટેશ્વર, સુઘડ, અમીયાપુર, ઝુંડાલ અને ખોરજ ગામનો ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશનમાં સમાવેશ કરાયો હતો. આ તમામ ૬ ગામડાઓને પીવાનુ શુધ્ધ પાણી પુરૂ પાડવા માટે કોર્પોરેશનના સત્તાધારી પક્ષ ભાજપ અને વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી ફળીભુત થવા જઈ રહી છે અને આ તમામ ૬ ગામને આગામી સમયમાં ૪૦ એમએલડી નર્મદાનુ પીવાનુ શુધ્ધ પાણી મળશે તે માટેની કાર્યવાહી હવે વેગવંતી બની છે.



ગાંધીનગર મહાનગરપાલિકામાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) માંથી સમાવેશ કરાયેલા નર્મદા મેઈન કેનાલની દક્ષિણે આવેલા ગામતળ વિસ્તાર ભાટ, કોટેશ્વર, સુઘડ, અમીયાપુર, ઝુંડાલ અને ખોરજ તથા સંલગ્ન નગરરચના યોજના અંતર્ગતના વિસ્તારોને નર્મદાનુ શુધ્ધ પીવા લાયક પાણી પુરૂ પાડવા માટે નર્મદા કેનાલમાંથી રો - વોટર પુરૂ પાડવા ગાંધીનગર સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ ને ૨ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ દરખાસ્ત કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના વહિવટી તંત્ર તથા પદાધિકારીઓના પ્રયાસો દ્વારા મુખ્યમંત્રીને કરવામાં આવેલી રજુઆત અન્વયે સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ગાંધીનગર મહાનગરપાલિકાને ૪૦ એમએલડી નર્મદાનુ રો વોટર આપવા માટે મંજુરી આપવામાં આવી છે.

આ બાબતે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નર્મદા મેઈન કેનાલ પર બનાવવાના થતા હેડ રેગ્યુલેટરની હાઈડ્રોલીક ડીઝાઈન તથા ભરવાની થતી પ્રોસેસીંગ ફી ૧૭ ઓકટોબર ૨૦૨૫ થી સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડના ખાતામાં જમા કરાવવામાં આવી હતી. ઉપરોકત વિગતે હેડ રેગ્યુલેટરના બાંધકામની કામગીરી પૂર્ણ થયા બાદ કોર્પોરેશનમાં સમાવિષ્ટ નવા ૬ ગામને નર્મદાનુ પીવાનુ શુધ્ધ પાણી આગામી વરસથી મળવાનુ શરૂ થશે તેવુ સુત્રો દ્વારા કહેવામાં આવ્યુ છે. રાજયના પાટનગર ગાંધીનગરના ૧ થી ૩૦ સેકટરોમાં પીવાનુ પાણી પુરૂ પાડવા માટે અગાઉથી આયોજન કરવામાં આવેલુ છે. પરંતુ નવા સમાવિષ્ટ ૬ ગામની પ્રજાને પીવાના પાણીની આવશ્યક સેવા પુરી પાડવા માટે વર્ષ ૨૦૨૨ થી મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી તે હવે આગામી વરસમાં સાકાર થવા જઈ રહી છે.

# ગેરકાયદેસર અમેરિકા જવા નીકળેલા ભારતીય યુવકની રસ્તામાં હત્યા કરાઈ: માનવ તસ્કરોએ લાશનો પણ સોદો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

હરિયાણાના કૈથલના ખેડૂતના પુત્ર યુવરાજનું અમેરિકા જવાનું સ્વપ્ન તુટી ગયું. ૧૮ વર્ષનો આ યુવક ડંકી રૂટ દ્વારા અમેરિકા જવાનો પ્રયાસ કરી રહ્યો હતો પરંતુ માનવ તસ્કરો દ્વારા ફસાઈ ગયો અને તેનું મૃત્યુ થયું. પરિવારને શુક્રવારે આ દુઃખદ ઘટનાની જાણ થઈ. શનિવારે, પરિવારે આરોપ લગાવ્યો કે યુવરાજને ગ્વાટેમાલામાં માનવ તસ્કરો દ્વારા બંધક બનાવવામાં આવ્યો હતો અને ત્યાં જ તેનું મૃત્યુ થયું.

પરિવારનું કહેવું છે કે તે ગયા વર્ષે ઓક્ટોબરમાં અમેરિકા ગયો હતો. થોડા મહિનાઓ સુધી બધું બરાબર રહ્યું, પરંતુ પછી અચાનક સંપર્ક તૂટી ગયો. થોડા સમય પછી, પરિવારને એક વીડિયો મળ્યો જેમાં યુવરાજ અને પંજાબના એક યુવાનને ગ્વાટેમાલામાં બંધક બનાવવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ, તસ્કરોએ પરિવાર પાસેથી ખંડણી માંગવાનું શરૂ કર્યું. યુવરાજના મામા ગુરપ્રીત સિંહે જણાવ્યું હતું કે ટ્રાવેલ એજન્ટોએ તેને સુરક્ષિત રીતે અમેરિકા લઈ જવાનું વચન આપ્યું હતું. પરિવારે કથિત ટ્રાવેલ એજન્ટોને આશરે ૪૦ થી ૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જોકે, ન તો યુવરાજ અમેરિકા પહોંચ્યો અને ન તો તેના કોઈ સમાચાર મળ્યા. ગુરપ્રીતે વધુમાં સમજાવ્યું કે થોડા દિવસો પહેલા માનવ તસ્કરોએ ફરીથી પરિવારનો સંપર્ક કર્યો હતો. તેમણે યુવરાજ અને પંજાબના યુવાનના ફોટા મોકલ્યા, જેમાં દાવો કરવામાં આવ્યો કે બંને હવે જીવિત નથી. તસ્કરોએ પુરાવા આપવા માટે પરિવાર પાસેથી ત્રણ લાખ રૂપિયાની માંગણી કરી. પૈસા મોકલ્યા પછી, તસ્કરોએ યુવરાજનું મૃત્યુ પ્રમાણપત્ર અને ફોટા મોકલ્યા.

પરિવારે આ બાબત પોલીસને પણ જણાવી, જેના પગલે બે સ્થાનિક એજન્ટોની ધરપકડ કરવામાં આવી. યુવરાજના પિતા એક નાના ખેડૂત છે. ગ્વાટેમાલામાં માનવ તસ્કરો દ્વારા બંધક બનાવ્યા બાદ હરિયાણાના એક યુવાનની હત્યા કરવામાં આવી હતી. મૃતકના પરિવારના સભ્યોએ શનિવારે દાવો કર્યો હતો કે તે ગયા ઓક્ટોબરમાં ખતરનાક ડંકી રુટથી નોકરીની શોધમાં અમેરિકા જઈ રહ્યો હતો. તેના સંબંધી ગુરપ્રીત સિંહે જણાવ્યું હતું કે કૈથલના મોહના ગામના ખેડૂતના ૧૮ વર્ષીય પુત્ર યુવરાજના પરિવારને થોડા દિવસો પહેલા તેના મૃત્યુની જાણ થઈ હતી જ્યારે એક માનવ તસ્કરે તેમને મૃત્યુ પ્રમાણપત્ર અને તેના અને પંજાબના બીજા યુવાનના ફોટા મોકલ્યા હતા. દાવો હતો કે બંનેની હત્યા કરવામાં આવી હતી.

ડંકી રુટથી ગેરકાયદેસર ઈમિગ્રેશનની એક પદ્ધતિ છે જેનો ઉપયોગ લોકો માન્ય વિઝા અથવા દસ્તાવેજો વિના એક દેશમાંથી બીજા દેશમાં પ્રવેશવા માટે કરે છે. યુવરાજ યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચ્યા પછી નોકરી શોધવાની આશા રાખતો હતો. તેમણે સમજાવ્યું કે હરિયાણાના ત્રણ ટ્રાવેલ એજન્ટોએ તેમના નેટવર્કમાં અન્ય સંપર્કો દ્વારા સલામત મુસાફરીનું વચન આપીને પરિવાર પાસેથી મોટી રકમ લીધી હતી.

ગુરપ્રીત સિંહે જણાવ્યું કે શરૂઆતની ચુકવણી પછી, પરિવારનો યુવરાજ સાથે સંપર્ક તૂટી ગયો. થોડા મહિના પછી, તેમને યુવરાજ અને પંજાબના અન્ય એક યુવાનને ગ્વાટેમાલામાં બંધક બનાવાયેલા વીડિયો મળ્યા. ગુરપ્રીતે સમજાવ્યું કે યુવરાજનો પરિવાર માને છે કે હરિયાણા એજન્ટ દ્વારા અન્ય દાતાઓને ટ્રાન્સફર કરાયેલા પૈસા તેના ઈચ્છિત લાભાર્થીઓ સુધી પહોંચ્યા નથી.

### ગોલ્ડ-ફોરેન કરન્સી એસેટ્સમાં ઘટાડાનું પરિણામ

# ભારત દેશનું ફોરેક્સ રિઝર્વ ૬.૭૨૫ અબજ ડોલર ઘટ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતનું ફોરેક્સ રિઝર્વ આ ગત સપ્તાહમાં ૬.૯૨૫ અબજ ડોલર ઘટી ૬૯૫.૩૫૫ અબજ ડોલર થયુ છે. જોકે, તે સપ્ટેમ્બર ૨૦૨૪માં ૭૦૪.૮૯ અબજ ડોલરના રેકોર્ડ સ્તર નજીક સ્થાન જાળવી રાખ્યું છે. આ ઘટાડો ફોરેન એસેટ્સ અને ગોલ્ડ રિઝર્વમાં ઘટાડાને કારણે નોંધાયો છે. આરબીઆઈએ જણાવ્યું કે, વર્તમાન રિઝર્વ્સ ૧૧ માસની આયાતને કવર કરી શકે છે. ભારતનું ફોરેક્સ રિઝર્વ્સ ગત સપ્તાહે ૬.૯૨૫ અબજ ડોલર ઘટ્યું છે. આરબીઆઈના તાજેતરના વીકલી સ્ટેટિસ્ટિકલ સપ્લિમેન્ટ રિપોર્ટ અનુસાર, ૨૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પૂર્ણ થતાં સપ્તાહમાં દેશની કુલ રિઝર્વ્સ ઘટી તાજેતરના ૬૯૫.૩૫૫ અબજ ડોલર થયું હતું. આરબીઆઈ રિપોર્ટ અનુસાર, ફોરેક્સ રિઝર્વ્સનો અત્યંત મહત્ત્વનો ભાગ ફોરેન કરન્સી એસેટ્સ છે. જે ઘટી ૫૬૬.૫૪૮ અબજ ડોલર થયુ હતું. તેમાં ૩.૮૬૨ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. ગોલ્ડ રિઝર્વ્સ પણ ૩.૦૧૦ અબજ ડોલર ઘટી ૧૦૫.૫૩૬ અબજ ડોલર થયુ હતું. આ ઘટાડો વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા અને સોના માટે રોકાણકારોની માંગમાં વધારો થવાને કારણે નોંધાયો હતો. ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો નોંધાયો હોવા છતાં હજી પણ સ્થિર અને મજબૂત સ્થિતિમાં છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ હાલમાં જણાવ્યું હતું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ્સ ૧૧ માસથી વધુ આયાતને કવર કરવા માટે પર્યાપ્ત છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ફોરેન કરન્સી માર્કેટમાં દરમિયાનગિરી કરતાં રૂપિયાનું મૂલ્ય સ્થિર રાખવા માટે ડોલરની ખરીદ-વેચાણની રણનીતિ અપનાવી શકે છે. ફોરેક્સ રિઝર્વ્સ ૨૦૨૪માં ૨૦ અબજ ડોલરથી વધ્યું હતું. જ્યારે ૨૦૨૩માં તેમાં ૫૮ અબજ ડોલરનો વધારો જોવા મળ્યો હતો. જો કે, ૨૦૨૨માં તેમાં ૭૧ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો હતો. વર્તમાન વર્ષ ૨૦૨૫માં કુલ ૪૬ અબજ ડોલરની વૃદ્ધિ જોવા મળી છે. જે ભારતની ફોરેક્સ રિઝર્વની સ્થિતિની મજબૂતી દર્શાવે છે.

### ઓઈલ ટર્મિનલ પર ભીષણ આગથી ભારે નુકસાન

# રશિયાએ તુઆપ્સે પોર્ટ પર યુક્રેનના ડ્રોન હુમલા કર્યા

### આ હુમલો એટલો ભીષણ હતો કે, રશિયન ઓઈલ ટર્મિનલ અને રિફાઈનરીઓમાં આગ ભભૂકી ઉઠતા ભારે નુકસાન થયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

યુક્રેને રવિવારે રાત્રે રશિયા પર મોટો ડ્રોન હુમલો કર્યો છે. આ હુમલામાં બ્લેક સી પર સ્થિત રશિયન તુઆપ્સે પોર્ટને મોટું નુકસાન થયું છે.

આ હુમલો એટલો ભીષણ હતો કે, રશિયન ઓઈલ ટર્મિનલ અને રિફાઈનરીઓમાં આગ ભભૂકી ઉઠતા ભારે નુકસાન થયું હતું. રશિયન એર ડિફેન્સ યુનિટે દાવો કર્યો હતો કે, આ હુમલામાં અમે યુક્રેનના ૧૬૪ ડ્રોન તોડી પાડ્યા હતા. યુક્રેને કરેલા ડ્રોન હુમલામાં રશિયન સેનાને ઓઈલનો પુરવઠો પહોંચાડતી મોસ્કો નજીકની એક મહત્ત્વની પાઈપલાઈનને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. રશિયાના એક રીજનલ અધિકારીએ જણાવ્યું હતું કે, યુક્રેનના સતત ડ્રોન હુમલાના કારણે બ્લેક સી પર સ્થિત તુઆપ્સે ભીષણ આગની ઝપેટમાં આવ્યું હતું, જેનાથી પોર્ટને ભારે નુકસાન થયું છે. તુઆપ્સેની બહાર સ્થિત સોસ્નોવી ગામમાં ડ્રોનનો કાટમાળ પડતાં એક એપાર્ટમેન્ટને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. જો કે, જાનહાનિના કોઈ સમાચાર મળ્યા નથી. ક્રાસ્નોડારના સત્તાધીશોએ જણાવ્યું કે, ડ્રોનને હવામાં જ નષ્ટ કરાયા હતા, પરંતુ તેનો કાટમાળ જમીન પર પડતાં પોર્ટ પરની માળખાગત સુવિધાઓને પણ નુકસાન થયું છે. તુઆપ્સે ઓઈલ ટર્મિનલ અને રોસનેફ્ટ નિયંત્રિત તુઆપ્સે ઓઈલ રિફાઈનરીને યુક્રેન દ્વારા અવારનવાર ટાર્ગેટ કરાઈ રહી છે કારણ કે, અહીંથી રશિયન સેનાને મહત્ત્વની લોજિસ્ટિક મદદ મળે છે. યુક્રેને ઈલેક્ટ્રિસિટી ગ્રીડ પર હુમલાનો બદલો લેવા રશિયાની ક્રૂડ રિફાઈનરી, ડેપો અને પાઈપલાઈન પર હુમલા વધાર્યા છે. આ હુમલાનો હેતુ રશિયાને ઓઈલ પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનને નુકસાન કરવાનો, રશિયન સેનાનું લોજિસ્ટિક્સ નેટવર્ક ખોરવી નાંખવાનો તેમજ રશિયાનો યુદ્ધ ખર્ચ વધારવાનો છે. યુક્રેનના આ હુમલાનો રશિયા બદલો લેવાની આક્રમક તૈયારી કરી રહ્યું છે. ક્રાસ્નોડાર વહીવટી તંત્રે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર જણાવ્યું હતું કે, તુઆપ્સેમાં ડ્રોન હુમલાનો જવાબ આપવામાં આવી રહ્યો છે. આ હુમલો સૈન્યની કામગીરીને રોકવાનો એક ભાગ હતો. આ હુમલામાં હાલ કોઈ નુકસાનની માહિતી નથી. હજી સ્પષ્ટ થયું નથી કે, પોર્ટમાં ચોક્કસ કેટલું નુકસાન પહોંચ્યું છે.

# ગુજરાત ભાજપે શહેર અને જિલ્લા પ્રમુખો પાસેથી ટીમ બનાવવાની જવાબદારી આંચકી લેતા પ્રમુખોમાં નારાજગી

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત ભાજપમાં સંગઠનાત્મક ફેરફારની નવી લહેર ચાલી રહી છે. તાજેતરમાં પક્ષે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેમાં શહેર અને જિલ્લા પ્રમુખોને પોતાની ટીમ બનાવવાની સંપૂર્ણ સત્તા આંચકી લેવાઈ છે. અગાઉ પ્રમુખ પોતાના વિશ્વાસુ કાર્યકરોને સામેલ કરીને ટીમ બનાવતા હતા. પરંતુ હવે આ પ્રક્રિયા પ્રદેશસ્તરે હાથ ધરવામાં આવી રહી છે.

પક્ષના ટોચના સુત્રોના કહેવા પ્રમાણે ભાજપે દરેક શહેર અને જિલ્લાના માટે નિરીક્ષકોની નિમણુંક કરી છે. આ નિરીક્ષકો પોતાના વિસ્તારમાં જઈને સ્થાનિક નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક કરી રહ્યા છે. તેઓના પ્રતિભાવના આધારે દરેક વિસ્તારમાંથી સંગઠનના હોદ્દેદારો માટે પેનલ તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ આ પેનલ પર પ્રદેશ સ્તરે ચર્ચા કરી અંતિમ નામો નકકી કરવામાં આવશે.

ભાજપના એક ટોચના નેતાએ જણાવ્યુ હતુ કે આ નવી પધ્ધતિ દ્વારા પક્ષમાં આંતરીક અસંતોષની સ્થિતિ અટકાવવામાં મદદ મળશે. અગાઉ જોવા મળતુ હતુ કે અનેક પ્રમુખો પોતાના નજીકના અને વિશ્વાસુ લોકોને હોદ્દા આપતા હતા, જેના કારણે સ્થાનિક સ્તરે અસંતોષ ફેલાતો હતો. હવે નિર્ણય વધુ ચર્ચા અને સર્વસંમતિના આધારે લેવાશે. જેથી પક્ષની એકતા જળવાઈ રહે.

જયારે સીઆર પાટીલ પક્ષના પ્રદેશ પ્રમુખ હતા ત્યારે બધા શહેર અને જિલ્લા પ્રમુખોની નિમણુંકો થઈ ગઈ હતી. તે સમયે તેમની પાસે પોતાની ટીમ બનાવવાની મંજુરી હતી, પરંતુ પછી આ પ્રક્રિયા અચાનક અટકાવવામાં આવી હતી હવે પ્રદેશ નેતાગીરી ટીમ બનાવવામાં મહત્વની ભુમિકા ભજવી રહી છે. સંગઠનના એક સભ્યએ જણાવ્યુ હતુ કે ભાજપની આ નવી પ્રક્રિયામાં રાષ્ટ્રીય નેતાઓના સુચનો પણ મહત્વની ભુમિકા ભજવે છે.

રાષ્ટ્રીય સ્તરે જે રીતે પ્રમુખથી માંડીને અન્ય હોદ્દેદારોની પસંદગી થાય છે એ જ પધ્ધતિ હવે રાજયમાં પણ અપનાવવામાં આવી રહી છે. જો કે કેટલાક શહેર પ્રમુખો આ નવી વ્યવસ્થાથી ખુશ નથી, એક શહેર પ્રમુખે જણાવ્યુ હતુ કે પ્રદેશ સંગઠન શહેર અને જિલ્લાના સંગઠન પર વધુ હાવી થઈ શકે છે. તેમના કહેવા મુજબ જો હોદ્દેદારોની પસંદગીમાં પ્રદેશની ભુમિકા વધારે રહેશે તો સ્થાનિક પ્રમુખોની સત્તા ઓછી થઈ જઈ જશે. કયારેક એવી પરીસ્થિતિ પણ સર્જાઈ શકે છે કે પ્રમુખના આદેશ કરતા પ્રદેશના સુચનો વધારે મહત્વના માનવામાં આવે, તેઓએ ચિંતા વ્યકત કરી કે જો બાકીના હોદ્દેદારો પ્રદેશના સુચનથી મુકાયા હશે તો કેટલીકવાર શિસ્તભંગની પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

પ્રમુખની ઉપરવટ જઈને કેટલાક હોદ્દેદારો પ્રદેશની નેતાગીરીની સુચના મુજબ ચાલી શકે છે જે સંગઠનમાં અસમંજસ પેદા કરી શકે છે. તેથી ભાજપના આ નવા પગલાને લઈને સંગઠનના આંતરીક સ્તરે ચર્ચા ગરમાઈ છે.

એક તરફ પક્ષ કહે છે કે આથી શિસ્ત અને પારદર્શિતા વધશે તો બીજી તરફ કેટલાક સ્થાનિક નેતાઓ માની રહ્યા છે કે આથી તેમની સ્વતંત્રતા અને પ્રભાવ પર કાપ આવશે હવે જોવાનુ રહ્યુ કે આ નવી નીતિ અમલમાં આવ્યા પછી સ્થાનિક સ્તરે સંગઠન કેવી રીતે કામ કરે છે.

# ઉત્કૃષ્ટ ટિકિટ ચકાસણી કાર્ય માટે પુરસ્કારથી સન્માનિત



પશ્ચિમ રેલવે દ્વારા તમામ માન્ય મુસાફરોને સરળ આરામદાયક મુસાફરી અને ઉત્તમ સેવાઓ સુનિશ્ચિત કરવાનો હેતુ રાખીને વડોદરા મંડળની લોકલ ટ્રેનો, મેલ/એક્સપ્રેસ ટ્રેનો, પેસેન્જર ટ્રેનો તથા હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં વગર ટિકિટ/અનિયમિત મુસાફરો પર નિયંત્રણ લાવવા માટે સતત ગહન ટિકિટ ચકાસણી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, ઓક્ટોબર મહિનામાં વિવિધ ટ્રેનો અને સ્ટેશનો પર ટિકિટ ચેકિંગ ટીમો દ્વારા ટિકિટ ચેકિંગમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૮ ટિકિટ ચેકિંગ સ્ટાફ ને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમાર દ્વારા પ્રશંસાપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી સક્સેનાએ જણાવ્યું હતું કે મંડળના વાણિજ્ય વિભાગના ટિકિટ ચેકિંગ સ્ટાફ શ્રી ડી. વી. ચૌધરી ,શ્રી પી. કે. ઝા ,શ્રી સુનિલ પંડીર,શ્રી શૈલેન્દ્ર ક્ષત્રિય ,શ્રી એચ. જે. લોટિયા ,શ્રી પી. એસ. ચૌહાણ,શ્રીમતી ભૂમિકા પટેલ અને શ્રી રતિલાલ વસાવા ને ઓક્ટોબર મહિનામાં ટિકિટ ચેકિંગમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ સમ્માનિત કરવામાં આવ્યા. શ્રીમતી ભૂમિકા પટેલે ટિકિટ ચેકિંગમાં અનિયમિત મામલાની તપાસ કરીને સૌથી વધુ એક દિવસની આવક નોંધાવી હતી. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક વડોદરાએ તમામ કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય અને સમર્પણ માટે પ્રશંસા વ્યક્ત કરી અને જણાવ્યું કે મુસાફરોને વધુ સારી અને પારદર્શી સેવા પૂરી પાડવા માટે આવા પ્રયાસો સતત ચાલુ રહેશે.

### ઓક્ટો.માં યુપીઆઈથી દૈનિક-માસિક ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ

# ઓક્ટોબરમાં યુપીઆઈ મારફત રૂ.૨૭.૨૮ લાખ કરોડના પેમેન્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા જીએસટીમાં કરાયેલા સુધારા અને તહેવારોની ખરીદીની યુપીઆઈ મારફત થતી લેવડ-દેવડ પર સકારાત્મક અસર થઈ છે અને ભારતના ડિજિટલ પેમેન્ટે ઓક્ટોબર ૨૦૨૫માં ઐતિહાસિક સિમાચિહ્ન પાર કર્યું છે. એનપીસીઆઈએ શનિવારે જાહેર કરેલા આંકડા મુજબ ઓક્ટોબર ૨૦૨૫માં યુપીઆઈ મારફત થતા ટ્રાન્ઝેક્શને દૈનિક તેમજ માસિક ટ્રાન્ઝેક્શન્સનો વિક્રમ સર્જ્યો હતો.

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ શનિવારે જાહેર કરેલા આંકડા મુજબ ઓક્ટોબર ૨૦૨૫માં યુપીઆઈ ટ્રાન્ઝેક્શન વાર્ષિક ૨૫ ટકા વધીને ૨૦.૭૦ અબજ થયા છે, જે એક જ મહિનામાં અત્યાર સુધીમાં થયેલા સૌથી વધુ ટ્રાન્ઝેક્શન છે. આ સાથે ૧૮ ઓક્ટોબરે યુપીઆઈથી એક જ દિવસમાં ૭૫.૪૩ કરોડ ટ્રાન્ઝેક્શનનો પણ વિક્રમ સર્જાયો છે, જે યુપીઆઈની શરૂઆતથી અત્યાર સુધીમાં એક જ દિવસમાં સૌથી વધુ વોલ્યુમ છે.

ઓક્ટોબરમાં સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શન ૬૬.૮ કરોડ રહ્યું હતું, જે સપ્ટેમ્બરમાં ૬૫.૪ કરોડથી વધુ હતું. ભારતમાં યુપીઆઈથી થતા ટ્રાન્ઝેક્શનમાં સતત થઈ રહેલો વધારો ડિજિટલ પેમેન્ટ સિસ્ટમની સતત વધી રહેલી સ્વીકૃતિ દર્શાવે છે.

એનપીસીઆઈના ડેટા મુજબ ઓક્ટોબર ૨૦૨૫માં વોલ્યુમની સાથે મૂલ્યની દ્દષ્ટિએ પણ જંગી વધારો થયો છે. ઓક્ટોબર ૨૦૨૫માં યુપીઆઈ મારફત રૂ. ૨૭.૨૮ લાખ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા, જે વાર્ષિક ૧૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

સપ્ટેમ્બર ૨૦૨૫માં યુપીઆઈ મારફત રૂ. ૨૪.૯૦ લાખ કરોડ જ્યારે ઓગસ્ટમાં યુપીઆઈથી રૂ. ૨૪.૮૫ લાખ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા. ઓક્ટોબરમાં યુપીઆઈથી દૈનિક સરેરાશ રૂ. ૮૭,૯૯૩ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા, જે સપ્ટેમ્બરમાં દૈનિક રૂ. ૮૨,૯૯૧ કરોડથી વધુ હતા.

દેશમાં માત્ર યુપીઆઈ જ નહીં આઈએમપીએસ મારફત પણ ટ્રાન્ઝેક્શનમાં નોંધપાત્ર વધારો થયો છે.

ઑક્ટોબરમાં આઈએમપીએસથી ટ્રાન્ઝેક્શન ૩ ટકા વધીને ૪૦.૪ કરોડ થયા હતા જ્યારે મૂલ્યની દ્દષ્ટિએ ૮ ટકા વધીને રૂ. ૬.૪૨ લાખ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા. ફાસ્ટેગનું વોલ્યુમ પણ ૮ ટકા વધીને ૩૬.૧ કરોડ થયું હતું જ્યારે મૂલ્યની દ્દષ્ટિએ ૪ ટકા વધીને રૂ. ૬,૬૮૬ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા, જે તહેવારોના સમયમાં હાઈવે પર પ્રવાસમાં વધારો દર્શાવે છે.

આ સિવાય આધાર અનેબલ પેમેન્ટ સિસ્ટમ (એઈપીએસ) મારફત ટ્રાન્ઝેક્શન ૬ ટકા વધીને ૧૧.૨ કરોડ થયા હતા, જે મૂલ્યની દ્દષ્ટિએ ૩૦,૫૦૯ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા, જે ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારોમાં બેક્િંગ ચેનલ મારફત નાણાકીય સમાવેશના સંકેત આપે છે. ગ્રામીણ વિસ્તારોમાં યુપીઆઈનો પ્રસાર ડિજિટલ અર્થતંત્ર બનવા તરફ ભારતની આગેકૂચ દર્શાવે છે.

# હવે વ્યાજબી ભાવની દુકાનો પર અનાજનો જથ્થો સ્વીકારવા તકેદારી સમિતિના સભ્યોનુ બાયોમેટ્રીક વેરીફીકેશન જરૂરી

પ્રતિનિધિ,ગાંધીનગર

વન નેશન વન રેશનકાર્ડ યોજના અંતર્ગત કોઈપણ લાભાર્થીને રાજયમાં કે દેશમાં ગમે ત્યાંથી પોતાની બાયોમેટ્રીક ઓળખ પ્રસ્થાપિત કરીને અનાજ મેળવવામાં અગ્રેસર રહ્યા બાદ હવે સરકારે આ સિસ્ટમને સપ્લાય ચેઈન સ્તરે પણ મજબુત બનાવી છે.

તાજેતરના નિર્ણય મુજબ હવે વ્યાજબી ભાવની દુકાનો પર ડોર સ્ટેપ ડીલીવરી દ્વારા પહોચતા અનાજના જથ્થાની સ્વીકૃતિ માટે સ્થાનિક તકેદારી સમિતિના સભ્યોનુ બાયોમેટ્રીક વેરીફીકેશન ફરજીયાત કરવામાં આવ્યુ છે તેવુ જિલ્લા પુરવઠા અધિકારી અમદાવાદ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આ નવી વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ લાભાર્થીઓ સુધી અનાજ પહોચે તે પહેલા દુકાનદાર સ્તરે જ જથ્થાની ચોકસાઈ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે. મંત્રીની સુચના અનુસાર ગ્રામ્ય અથવા શહેરી તકેદારી સમિતિના ૮૦ ટકા સભ્યોના બાયોમેટ્રીક વેરીફીકેશનની જોગવાઈ સામે તાજેતરના પરીપત્ર મુજબ તારીખ ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યો દ્વારા બાયોમેટ્રીક અથવા ઓટીપી આધારીત વેરીફીકેશન દ્વારા સ્ટોક સ્વીકૃતિની પ્રક્રિયા પુર્ણ કરવાની રહેશે. ગુજરાત સરકારની આ પહેલ વન નેશન વન રેશનકાર્ડ યોજનાની સફળતાને આગળ ધપાવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં રાજયમાં ૧ કરોડથી વધુ લાભાર્થીઓએ પોર્ટેબીલીટી નો સીધો લાભ લીધો છે. જે સમગ્ર ભારતમાં ગુજરાતને અગ્રેસર બનાવે છે. આ ઉપરાંત ગુજરાત સરકાર રાજયના એનએફએસએ હેઠળના લાભાર્થીઓને પ્રોટીન સભર આહાર મળી રહે તે માટે પણ કટીબધ્ધ છે જે અંતર્ગત તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠુ જેવી આવશ્યક ચીજ વસ્તુઓ નિયમિત પણે રાહતદરે વિતરણ કરાય છે. એટલુ જ નહી જન્માષ્ટમી અને દિવાળી જેવા તહેવારો દરમિયાન રાહતદરે સીંગતેલ અને




વધારાની ખાંડનુ વિતરણ કરનાર ગુજરાત સમગ્ર ભારત દેશમાં એક માત્ર રાજય છે. નવેમ્બર મહિના માટે મોટાભાગના દુકાનદારોએ ચલણ જનરેટ કરી નાણાંની ભરપાઈ કરી દીધી છે અને બાકી રહેતા દુકાનદારોની પ્રક્રિયા પણ પ્રગતિમાં છે. જેથી કોઈ લાભાર્થી અનાજના લાભથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવા દુકાનદારોને અનુરોધ કરાયો છે.

# ખેડુતોને સહાય નહી મળે તો નેપાળવાળી થશે: નેતાઓના દિકરાઓને ગામમાં આવવુ ભારે પડશે

## વિડીયો બનાવીને સોશીયલ મીડીયામાં પોતાનો રોષ ઠાલવ્યો: સરવે કરવા માટે આવેલી ટીમનો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં માવઠાને કારણે ખેડુતોને ભારે નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે. સરકારે પાક નુકશાની માટે સરવે ની કામગીરી શરૂ કરી છે પણ તેનો ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે. માવઠાએ ખેતરમાં ઉભા પાકને નષ્ટ કરી દેતા ખેડુત લાચાર બન્યો છે.



રાજયમાં હાલમાં ખેડુતોની હાલત ખુબ જ દયનીય બની ગઈ છે. રાજય સરકારે પણ ઝડપથી રાહત પેકેજ જાહેર કરવાની ખાત્રી આપી છે. ત્યારે રોષે ભરાયેલા એક ખેડુતનો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થઈ રહ્યો છે.

રાજકોટના જસદણમાં પાક નષ્ટ થઈ જતા એક ખેડુત લાચાર બન્યો છે. લીલાપુરમાં ખેડુતે વાવેલા ડુંગળીના પાકને વ્યાપક નુકશાન થતા તે રોષે ભરાયો હતો. તેણે એક વિડીયો બનાવીને સોશીયલ મીડીયામાં પોતાનો રોષ ઠાલવ્યો હતો. વિડીયોમાં તે એવુ કહેતો સંભળાય છે કે નેતાઓના દિકરાઓને ગામમાં આવવુ ભારે પડી જશે, ચુંટણી આવે એટલે કલાકારો પડકારા મારે છે પણ ખેડુતો માટે એક શબ્દ નથી બોલતા, જો હવે ખેડુતોને સહાય નહી મળે તો નેપાળવાળી થશે, ખેડુતનો આ વિડીયો હાલ સોશીયલ મીડીયામાં પુરજોશમાં વાયરલ થઈ રહ્યો છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના નાની વાવડી ગામમાં લોકોએ સરવે નો વિરોધ કર્યો હતો. ગામમાં પાક નુકશાનીનો સરવે કરવા આવેલી ટીમનો વિરોધ કરીને ગામના લોકોએ સરવે કરવા દીધો ન હતો. ગામના લોકોનુ કહેવુ છે કે જે રીતે પાકમાં નુકશાન થયુ છે તેના માટે સરવેની જરૂર નથી, સરકાર દ્વારા તાત્કાલીક સહાય ચુકવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે. ગામ લોકોના વિરોધ બાદ સરવે કરવા માટે આવેલી ટીમ પાછી ફરી હતી, ભાવનગરના વલભીપુર તાલુકાના ૫૩ ગામના સરપંચોએ ડીજીટલ સરવેનો વિરોધ કર્યો હતો. સરપંચોએ મુખ્યમંત્રીને પત્રો લખીને રજુઆતો કરી હતી. તેમણે સરકારને સમગ્ર તાલુકાને લીલા દુકાળથી અસરગ્રસ્ત તાલુકો જાહેર કરવાની માંગ કરી હતી.

# રોગચાળાને લઈ આરોગ્યમંત્રી એકશન મોડમાં : મંત્રીની અધ્યક્ષતામાં કમોસમી વરસાદના કારણે ફેલાતા રોગચાળાના અટકાયતી પગલા અંતર્ગત બેઠક યોજાઈ

## વિવિધ રોગોને અટકાવવા સતત પરીણામલક્ષી પગલા લેવામાં આવી રહ્યા છે : જરૂરી દવાનો પુરતો જથ્થો રાખવા આરોગ્ય વિભાગના અધિકારીઓને સુચનો કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયમાં વરસી રહેલા કમોસમી વરસાદના કારણે પાણીજન્ય અને હવામાં ફેલાતા રોગો વધવાની સંભાવના રહેલી છે. જે અન્વયે ગાંધીનગર ખાતે આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રી પ્રફુલ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે રાજયમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે ડેન્ગ્યુ, ચેકનગુનીયા, મેલેરીયા અને ટાઈફોઈડ જેવા રોગો થવાની ખુબ સંભાવના રહેલી છે. આરોગ્ય તંત્ર દ્વારા આ રોગોના નિયંત્રણ માટે રાજયના દરેક પીએચસી અને સીએચસી તેમજ સરકારી હોસ્પીટલોમાં પુરતી દવાઓના જથ્થા સાથે આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ રાખવામાં આવી છે. મંત્રી પાનસેરીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજય સરકાર હંમેશા દરેક પરીસ્થિતિમાં નાગરીકોના સ્વાસ્થ્યની સતત ચિંતા કરતી હોય છે. જેના ભાગરૂપે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા પાણીજન્ય અને હવામાં ફેલાતા વિવિધ રોગોને અટકાવવા સતત પરીણામલક્ષી પગલા લેવામાં આવી રહ્યા છે. વધુમાં મંત્રીએ જણાવ્યુ હતુ કે વરસાદની સીઝનમાં સાપ, વિંછી જેવા ઝેરી જીવજંતુઓ મોટી સંખ્યામાં જમીનની બહાર નિકળતા હોય છે. જયારે પણ આવા ઝેરી જીવ કરડે ત્યારે ખેડુતો સહિત રાજયના નાગરીકોએ અંધશ્રધ્ધાનો સહારો ન લેતા તુરંતજ નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા સરકારી હોસ્પીટલનો સંપર્ક કરીને યોગ્ય સારવાર કરાવવી જોઈએ. મંત્રીએ દરેક પીએચસી અને સીએચસી તેમજ સરકારી હોસ્પીટલો અને ૧૦૮ મેડીકલ વાનમાં એન્ટીવેનમાં તેમજ અન્ય જરૂરી દવાનો પુરતો જથ્થો રાખવા આરોગ્ય વિભાગના અધિકારીઓને આદેશ આપ્યા હતા.

આ મીટીંગમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશ્નર(ગ્રામ્ય) ડો. રતન કંવર ગઢવી ચારણ, અધિક નિયામક નિલમ પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેજરીવાલની સભામાં ગયેલા દલિત વ્યકિતને ભાજપ નેતાની ગાળો બાદ ઈસુદાન ગઢવીનો ભાજપ પર તીખો પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લાના સુદામડા ગામે આમ આદમી પાર્ટી દ્વારા યોજાયેલી કિસાન મહાપંચાયત દરમિયાન બનેલી એક ઘટનાએ રાજયના રાજકારણમાં ચકચાર મચાવી છે.



આ સભામાં આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં સુરેન્દ્રનગર અને આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડુતો અને નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં હાજરી આપવા ગયેલા દલિત સમાજના એક વ્યકિતને અમરેલી જિલ્લાના ભાજપ તાલુકા પંચાયતના નેતાએ બેફામ ગાળો ભાંડી હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. આ ઘટનાનો વિડીયો અને માહિતી બહાર આવતા જ આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ ભાજપ વિરૂધ્ધ તીખો પ્રહાર કર્યો હતો. ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે એક દલિત સમાજના ભાઈને ભાજપના નેતાએ બેફામ ગાળો બોલી છે, જે સાંભળી રૂવાંટા ઉભા થઈ જાય તેવી વાત છે.

આ માત્ર એક વ્યકિતનો નહી પરંતુ સમગ્ર દલિત સમાજનુ અપમાન છે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી આ મુદ્દે રાજયના અલગ અલગ જિલ્લાઓમાં પોલીસ ફરીયાદ કરશે અને ન્યાય માટે લડત ચાલુ રાખશે. તેમણે ભાજપ પર આરોપ લગાવતા કહ્યુ હતુ કે ભાજપની માનસિકતા દલિત, આદિવાસી અને ખેડુતો વિરૂધ્ધ છે.

ખેડુતોના પ્રશ્નો પર ભાજપના નેતાઓ મૌન છે અને તેઓમાં અહંકાર અને અત્યાચારની વૃત્તિ વધી રહી છે.

ઈસુદાન ગઢવીએ તીવ્ર શબ્દોમાં કહ્યુ હતુ કે રાવણ જેવી માનસિકતા ધરાવતી ભાજપને હવે ગુજરાતની જનતા સહન નહી કરે, દલિતો અને ખેડુતો પરના અપમાનનો જવાબ જનતા ચુંટણીમાં આપશે, આ ઘટનાએ રાજયમાં રાજકીય તાપમાન વધાર્યુ છે અને ભાજપની આંતરીક પ્રતિક્રિયા શું હશે તે હવે જોવાનુ રહ્યું.

# ગુજરાત પોલીસ કર્મીઓના સંતાનોને વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખ સુધીની લોન : બાલમંદિર શિક્ષકોનો પગાર રૂ.૧૦ હજાર કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસ વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓના કલ્યાણ તથા તેમના પરીવારના ઉત્થાનને ધ્યાનમાં રાખીને મધ્યસ્થ પોલીસ વેલ્ફેર ફંડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં કેટલાક મહત્વના અને પ્રગતિશીલ નિર્ણયો લેવામાં આવ્યા છે.

પોલીસ મહાનિર્દેષક અને મુખ્ય પોલીસ અધિકારીની અધ્યક્ષતામાં લેવાયેલા આ નિર્ણયોથી પોલીસ પરીવારોને મોટો લાભ મળશે.

પોલીસ કર્મચારીઓના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે અપાતી લોનની રકમમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. દેશમાં અભ્યાસ કરવા માટે રૂપીયા ૧૦ લાખ સુધીની લોન મળશે, વિદેશમાં અભ્યાસ (નેશનલ /ઈન્ટર નેશનલ યુનિર્વસિટીમાંથી પીજી કોર્સ ) માટે રૂપીયા ૧૫ લાખ સુધીની લોન મળશે. (જે પહેલા રૂપીયા ૧૦ લાખ હતી ) ધો. ૧૨ પછી વિદેશની માન્યતા પ્રાપ્ત




યુનિર્વસિટીમાં અભ્યાસ માટે ૧૫ લાખની લોન મળશે. ખાસ કરીને દિકરીઓમાં શિક્ષણનુ પ્રમાણ વધારવાના ઉમદા હેતુથી દિકરીઓને મળવા પાત્ર ઈનામ સહાયની રકમમાં સીધો ૨૫ ટકાનો વધારો જાહેર કરાયો છે. આ વધારાની અમલવારી ધો. ૬ થી લઈને ઉચ્ચ પ્રોફેશનલ કોર્સ જેમ કે બીઈ,એમબીબીએસ , એમબીએ, સીએ અને પીએચડી સુધીના તમામ અભ્યાસક્રમોમાં ઉતીર્ણ થનાર દિકરીઓને મળવાપાત્ર ઈનામની રકમમાં થશે.

પોલીસ વિભાગના બાલ મંદિરોમાં ફરજ બજાવતા સ્ટાફના પગાર ધોરણમાં પણ બમણો વધારો જાહેર કરવામાં આવ્યો છે. જે તેમના જીવન ધોરણને સુધારવામાં મદદરૂપ થશે. બાલમંદિરના શિક્ષિકા બહેનોનો માસિક પગાર રૂપીયા ૪ હજાર થી વધારીને રૂપીયા ૧૦ હજાર પ્રતિમાસ કરવામાં આવ્યો છે. આયા બહેનોનો માસિક પગાર રૂપીયા ૨૫૦૦ થી વધારીને રૂપીયા ૫૫૦૦ પ્રતિમાસ કરવામાં આવ્યો છે. આ નિર્ણયો ગુજરાત પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓના મનોબળને વધારવા સાથે તેમના પરીવારના ભવિષ્યને સુરક્ષિત કરવામાં મદદરૂપ થશે.

# અંકલેશ્વરમાં વધુ એક પોલીસ કર્મીનું હિટ એન્ડ રનમાં મૃત્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

અંકલેશ્વરના અમરતપુરા પાટીયા નજીક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. જેમાં અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતાં ફરજ પરના પોલીસકર્મીનું મૃત્યુ થયું છે. મૃતક પોલીસકર્મી અરવિંદ ચૌધરીના અવસાનથી સમગ્ર પોલીસ બેડામાં અને પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

મળતી માહિતી અનુસાર, મૃતક પોલીસકર્મી અરવિંદ ચૌધરી અંકલેશ્વર શહેરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. તેમનું મૃત્યુ એક સેવાકીય કાર્ય પૂર્ણ કર્યા બાદ થયું છે. તેમણે રસ્તા પર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા શ્વાનને જોયું હતું. તેણે તુરંત જ શ્વાનને મદદ કરી અને એનિમલ એમ્બ્યુલન્સ બોલાવીને તેનો જીવ બચાવ્યો હતો. આ માનવતાભર્યું કાર્ય પૂર્ણ કર્યા બાદ તેઓ રોડ ક્રોસ કરી રહ્યા હતા, આ દરમિયાન અતિ ઝડપે આવી રહેલા અજાણ્યા વાહને તેમને અડફેટે લીધા હતા, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે ખસેડ્યો છે અને PM બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે. પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર પંથકમાં પોલીસકર્મીના હિટ એન્ડ રનમાં મૃત્યુની આ બીજી ઘટના છે.

# ગુજરાતના ગૃહ સચિવ પદ મહિલાને સોંપાય તેવા સંકેત: ડો. જયંતિ રવિ, અંજુ શર્મા અને મોના ખંધાર રેસમાં આગળ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રીના કેબિનેટના વિસ્તરણ બાદ હવે વહિવટી તંત્રમાં મોટા પાયે બદલાવ આવે તેવા સંકેતો જોવા મળી રહ્યા છે. ગુજરાત રાજયના મુખ્ય સચિવ પદે મનોજકુમાર દાસની નિમણુંક થતા રાજયના ગૃહ સચિવની જગ્યા પર કોણ આવશે ? તેની ચર્ચા જોર શોરથી ચાલી રહી છે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલમાં ચર્ચા એ છે કે મનોજકુમાર દાસની ચીફ સેક્રેટરી પદે નિયુકિત કરવામાં આવી છે જેના કારણે ગૃહ સચિવ



પદ ખાલી પડયુ છે. આ સ્થાન માટે આઈએએસ ડો.જયંતિ રવિ, અંજુ શર્મા તેમજ મોના ખાંધાર ના નામની ચર્ચા છે. મુકેશ કુમાર પણ રેસમાં આગળ છે. ૩૧ ઓકટોબરે મનોજકુમાર દાસ ચીફ સેક્રેટરીનો પદભાર સંભાળશે તે પહેલા નવા ગૃહ સચિવની નિમણુંક કરવામાં આવશે, મુખ્યમંત્રી કાર્યાલયમાં મનોજકુમાર દાસના સ્થાનને કોને જવાબદારી સોંપાશે તે હવે જોવુ રહ્યું.

# તું કેજરીવાલની સભામાં કેમ ગયો ? ભાજપ તાલુકા પ્રમુખે દલિત પર બેફામ ગાળો વરસાવી: અમરેલી ભાજપના તાલુકા પ્રમુખ વિરૂધ્ધ અપમાનજનક વર્તન બદલ પોલીસ ફરીયાદની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની માંગ સાથે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે તાલુકા પ્રમુખ દ્વારા એક વ્યકિત સાથે અપમાનજનક તું કેજરીવાલની સભામાં કેમ ગયો ? તેવા અભદ્ર શબ્દો વાપરી ધમકી આપવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ ઘટનાથી ભાજપના સ્થાનિક કાર્યકરો તેમજ તાલુકા સ્તરે રાજકીય તણાવનુ વાતાવરણ સર્જાયુ છે. અરજદારનુ કહેવુ છે કે તાલુકા પ્રમુખે વ્યકિતગત વિવાદ દરમિયાન અયોગ્ય ભાષાનો ઉપયોગ કરીને તેમની માનહાની કરી હતી તથા ધમકી આપી હતી. જેના કારણે તેઓએ કાયદેસરની કાર્યવાહી માટે પોલીસને અરજી આપી છે. પોલીસે અરજી સ્વીકારી ઘટનાની પ્રાથમિક તપાસ શરૂ કરી છે. હાલ આ મામલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ છે. અરજદાર દ્વારા આરોપ લગાવવામાં આવ્યા બાદ તાલુકા પ્રમુખની તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા મળી નથી. તપાસના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેવી માહિતી મળી છે.

## સોનાના દાગીનાની લૂંટ થઈ

# મહુવા તાલુકાના કોંજળી ગામે ૭૬ વર્ષીય ઉજીબેનની ગળું દબાવી હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

મહુવા તાલુકાના કોંજળી ગામે લૂંટ વિથ મર્ડરની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ૭૭ વર્ષના એક વૃદ્ધ મહિલાની તેમના જ ઘરમાં નિર્દયતાપૂર્વક હત્યા કરીને સોનાના દાગીનાની લૂંટ કરી ચોર-લૂંટારુ ભાગી ગયો છે. જે સમગ્ર ઘટનાને લઈ મહુવા ગ્રામ્ય પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.ઘટના અંગે બનાવની વાત કરીએ તો ગત તારીખ ૩૦-૧૦-૨૦૨૫ના રોજ રાત્રિના સમયે કોંજળી ગામે આ બન્યો હતો. કોંજળી ગામે રહેતા ઉજીબેન નામના ૭૬ વર્ષીય વૃદ્ધ મહિલાની તેમના જ ઘરમાં હત્યા કરવામાં આવી હતી. કોઈ અજાણ્યા હુમલાખોરોએ વૃદ્ધાનું મોઢું અને ગળું દબાવીને હત્યાને અંજામ આપ્યો હતો. હત્યા કર્યા બાદ હત્યારાઓએ વૃદ્ધાના કાનમાં પહેરેલા સોનાના ઘરેણાંની લૂંટ ચલાવી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. બાદમાં ઘરમાંથી વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવતા આ આખો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વૃદ્ધ મહિલાના મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ ફોરેન્સિક રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે, વૃદ્ધ મહિલાનું મૃત્યુ કુદરતી નહીં, પરંતુ ગળું દબાવી દેવાથી થયું છે, જેથી હત્યાનો કેસ નોંધાયા બાદ આ આખો મામલો લૂંટ વિથ મર્ડર હોવાનું ખુલવા પામ્યું છે. હાલ આ સમગ્ર ઘટનાને લઈને મૃતકના પરિવારજનોએ મહુવા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ લૂંટ વિથ હત્યાનો ગુનો ફરિયાદ દાખલ કરવી છે. ત્યારે મહુવા ગ્રામ્ય પોલીસે આ ગંભીર ગુનાની નોંધ લઈને વધુ તપાસ હાથ ધરી છે. લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસીને વૃદ્ધ મહિલાની હત્યા કરનાર અજાણ્યા હત્યારાઓને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે એમ મહુવા ડીવાયએસપી રીમા ઝાલાએ જણાવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં હુડાનો વિરોધ ઉગ્ર બન્યો: ભાજપના સ્નેહમિલન સ્થળ ઉપર ખેડુતોએ વિરોધ કરતા સ્નેહમિલન સ્થળ બદલવુ પડયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે હુડા સામેનો વિરોધ હવે ઉગ્ર બની રહ્યો છે. હિંમતનગર આજુબાજુના ૧૧ જેટલા ગામડાના ખેડુતો અને ગ્રામજનો છેલ્લા એક મહિનાથી વિકાસ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. તેમનો આક્ષેપ છે કે હુડાના કારણે તેમની ખેતીની જમીનો કપાતમાં જશે અને તેઓ પાયમાલ થઈ જશે.



આજે રવિવારે ભાજપનો બેરણા જિલ્લા પંચાયત સીટનો સ્નેહમિલન કાર્યક્રમ હિંમતનગરના ગાંભોઈ નજીકની એક ખાનગી હોટલ પર રાખવામાં આવ્યો હતો ત્યાં જઈને ખેડુતોએ વિરોધ કર્યો હતો. ખેડુતોએ રામધુન બોલાવીને વિરોધ કરતા ભાજપના કાર્યકરો દોડતા થઈ ગયા હતા. ખેડુતોનો વિરોધ જોઈને ભાજપે સ્નેહમિલનનુ સ્થળ બદલી નાખ્યુ હતું. જયાં જયાં સ્નેહમિલન સંમેલન હશે ત્યાં ત્યાં હુડાની તરફેણ કરનારાઓની સદબુદ્ધિ માટે રામધુન કરવાના કાર્યક્રમો નકકી કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ હિંમતનગરના બેરણા ગામમાં હુડાના વિરોધમાં અનોખો કાર્યક્રમ યોજાયો હતો. થોડા દિવસ અગાઉ ખેડુતોએ હુડાનુ દહન કર્યુ હતું અને મોટી સંખ્યામાં ૧૧ ગામના લોકોએ ભેગા મળીને હુડાનુ બેસણુ કર્યુ હતું. મહિલાઓ દ્વારા હુડાના છાજીયા લેવામાં આવ્યા હતા. ખેડુતો સરકારની વિકાસ યોજનાને પોતાની જીંદગીનો અંત માની રહ્યા હોય તેવા પ્રકારની આ ઘટના છે. ખેડુતોનો મુખ્ય વિરોધ એ છે કે આ યોજનાના અમલથી તેમની ખેતી લાયક જમીનનો મોટો હિસ્સો કપાતમાં જઈ રહ્યો છે.